Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैनधर्मप्रकाश.

जो नव्याः प्रविशतान्तरङ्गराज्ये प्रथममेव प्रष्टव्या गुरवः । सम्यगनुष्ठेयस्तदुपदेशः । विधेयाहिताग्निनेवाग्नेस्तदुपचर्या । कर्त्तव्यं धर्मशास्त्रपारगमनं । विधेयं यस्तात्पर्येण तद्भावार्थः । जनयितव्यस्तेन चेतसोऽवष्टम्भः । अनुशीलनीया शास्त्रे यथोक्ताः क्रियाः । पर्युपासनीयाः सन्तः । परिवर्जनीयाः सततमसन्तः रक्षणीयाः स्वरूपोपमया सर्वजन्तवः । भाषितव्यं सत्यं सर्वभूतहितमपरुषमनतिकाः परीक्ष्य वचनं । न ग्राह्यमणीयोऽपि परधनमदत्तं । विधेयं सर्वासामस्मरणमसंकल्पमप्रार्थनमनिरीक्षणमनभिभाषणं च स्त्रीणां । कर्तव्यो बहिरङ्गान्तरङ्गसङ्गत्यागः विधातव्योऽनवरतं पञ्चविधः स्वाध्यायः ।

उपमितिभवप्रपंच.

પુસ્તક ૨૫ મું. માહ. સં. ૧૯૬૬. શાકે ૧૮૩૧. અંક ૧૧ મો.


## हितशिखामण भावना.

પૂર્વર્ષિકૃતા.

( કડખાની દેશી. )

મ કર હો જીવ *પર તાત દિનરાત તું, આપણા વાંક નયણે ન દેખે;
[1]તિલ સમ પારકા દોષ હોવે જિકે, તેહ કરી દાખવે મેરૂ લેખે. મ કર૦ ૧
કો કરે પર તણી અતિહિ નિંદા ઘણી, તેહ તો તેહનો મેલ ધોવે;
તાસ ઉજ્વલ કરે [2]પિંડ પાપે ભરે, મૂઢ તે માનવી સુગુણ ખોવે. મ કર૦ ૨
બહુલ મચ્છરપણે ગુણ તજી પરતણા, [3]સંત અણસંત જે દોષ ભાખે;
આપડા જીવડો, તેહ મૂરખપણે, ગજપરે નિજ શિરે ધૂળ નાંખે. મ કર૦ ૩
દ્રાખ સાકર સરસ વસ્તુ સવિ પરિહરી, કાક જેમ ત્યાંય શું મેલ ચૂંથે;
નિંદકી તેમ ગુણ કોડિ છોડી કરી, ચિત્તમેં પરતણા દોષ ગુંથે. મ કર૦ ૪

* પારકા અવર્ણવાદ.
૧ તલના દાણા જેવડા નાનકડા પરના દોષને મેરૂ સમાન મ્હોટા લેખે છે.
૨ પોતાના આત્માને પાપ-મળથી મેલો કરે છે.
૩ જે પરના છતા કે અછતા દોષને દાખવ્યા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[1]અંગ જેમ ગોપવી મીનને મારવા, બગ રહે તાકી જિમ નીર નાકે;
નીચ તિમ છિદ્ર ગોપવી કરી આપણા, રાત દિન પારકાં છિદ્ર તાકે. મ કર૦ ૫
નિપટ લંપટપણે લંપટી કૂતરો, વમન દેખી કરી નફ્ટ નાચે;
દોષ લવલેશ પામી તથા પાતકી, અધમ જન [2]સબલ મનમાંહી માચે. મ કર૦ ૬
એક સજ્જન હોયે સેલડી સારિખા, ખંડ ખંડે કરી કોઇ કાપે;
તોહિ પણ પીડતાં આપ ઉત્તમપણે, [3]સરસ રસ વસ્તનો સ્વાદ આપે. મ કર૦ ૭
કોડિ અવગુણ પણ છોડિ જે ગુણ ગ્રહે, દેશ પરદેશ તે સુખ પાવે;
દેખ પ્રત્યક્ષપણે કૃષ્ણપરે તેહના, [4]દેવ રાજેન્દ્ર પણ સુયશ ગાવે. મ કર૦ ૮
દેવ ગુરૂ ધર્મ આરાધ શુદ્ધે મને, [5]પારકે પેશ મા મૂઢ કાને;
સકલસુખકારિણીદુરિતદુઃખવારિણી,ભાવનાએહહિતશીખમાને.મ કર૦૯

# ज्ञानसार सूत्र स्पष्टीकरण.

## શમાષ્ટક ( ૬ ).

જૈન તત્વજ્ઞાન [ Jain philosophy ].

(અનુસંધાન પૃષ્ટ ૩૨૦ થી.)

હવે સમતામૃતથી જેમનું ચિત્ત સદા સિંચાતું હોવાથી સર્વદા સુપ્રસન્ન રહે છે એવા સંત-સુસાધુ પુરૂષોને રાગદ્વેષાદિક દુષ્ટ વિકારો કદાપિ સંતાપી શકતા નથી, એ વાત સ્પષ્ટ જણાવતા થકા ગ્રંથકાર કહે છે—

शमसूक्तसुधासिक्तं । येषां नक्तं दिनं मनः ॥
कदापि ते न दह्यंते । रागोरगविषोर्मिभिः ॥ ७ ॥

ભાવાર્થ—જે ( સંતપુરૂષો )નું મન સુંદર સમતામૃતથી સદા સિંચેલું રહેલું છે તેમને રાગદ્વેષાદિક દુષ્ટ વિષધરો દંશ દઇ શકતા નથી; રાગાદિક તાપથી રહિત થયેલા તે સંત પુરૂષો સદા શાન્ત રસમાં ઝીલ્યા કરે છે.

વિવેચન—જે રાગદ્વેષાદિક દુષ્ટ વિકારો જગત માત્રને સંતાપે છે, જેમની પાસે કોઇનું પણ જોર ચાલતું નથી, હરિ હર બ્રહ્માદિકને પણ જે નવ નવ રૂપે

૧ જેમ માછલાંને મારવા પોતાના શરીરને છુપાવી તળાવના કાંઠે બગલો બેસી રહે છે.
૨ મનમાં ઘણોજ રાચે છે.
૩ વસ્તુનો સ્વાદ—આત્માનો સ્વાભાવિક સ્વાદ—શાંત રસ—શાંતિ—શીતળતા.
૪ દેવનાયક—ઇંદ્ર મહારાજ પણ ગુણગ્રાહક સજ્જનોના ગુણ ગાય છે.
૫ પારકા કાનમાં નકામી વાત ( વિકથા ) કરી કદાપિ તારૂં બગાડીશ નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નચાવે છે, ઇંદ્ર, ચંદ્ર, નાગેંદ્ર જેવા પણ જેની પાસે રાંક જેવા બની જાય છે, મ્હોટા મ્હોટા મહર્ષિ મહાત્માઓ પણ જેના પાસમાં સપડાઇ દુ:ખી દુ:ખી થઇ જાય છે એવા રાગ અને દ્વેષરૂપ મહાવિકાર **મોહની પ્રબળતાથીજ થાય છે.**

શાસ્ત્રમાં રાગને કેશરીસિંહની અને દ્વેષને ગજેન્દ્રની ઉપમા આપવામાં આવેલ છે. ખરૂં જોતાં તો તેથી પણ રાગ દ્વેષ વધારે જોરાવર છે. વજ્રની શૃંખલા કરતાં પણ રાગબંધ વધારે આકરો કહ્યો છે. વિકરાળ કાળા નાગ કરતાં પણ રાગદ્વેષનું વિષ આકરૂં છે. વિકરાળ નાગના દંશથી તો પ્રાણી એકજ વખત દ્રવ્યપ્રાણથી મુક્ત થાય છે, ત્યારે રાગદ્વેષના દંશથી પોતાના ભાવપ્રાણને પણ ખોવે છે, અને ભવોભવ જન્મમરણનાં દુઃખ પામે છે. આવા રાગદ્વેષના વિકારોથી મુક્ત થવા સંત પુરૂષોજ સમર્થ થઇ શકે છે. જેમ અમૃત, વિષનું પ્રતિપક્ષી છે અને અમૃત સિંચનથી વિષવિકાર નાશ પામે છે, તેમ સમતા એક એવું અદ્વિતીય અમૃત છે કે તેના સિંચનથી રાગદ્વેષાદિક પ્રબળ વિકારો સ્વતઃ શાન્ત થઇ જાય છે. **સદ્વિવેક યોગે સમતા અમૃતનું સેવન કરી** રાગદ્વેષાદિક વિકારો ઉપશમાવવા ગ્રંથકારે **સમતાશતક**માં કહ્યું છે કે—

ભો ભવ્ય જનો ! ‘ રાગદ્વેષરૂપી સર્પનું વિષ ઉતારવા તમે વિવેકરૂપી મંત્રનું સેવન કરો. વિવેકનું એવું સામર્થ્ય છે કે તે ભવ વનનો મૂળથી ઉચ્છેદ કરી નાંખે છે. ’

‘ વિવેક બીજો સૂર્ય અને ત્રીજું લોચન છે, તે અંતરમાં પ્રકાશ કરે છે, ’ બીજી બધી વાત મૂકીને એક **વિવેકનોજ** અભ્યાસ કરો. ’

**‘ ક્ષમા, મૃદુતા, સરલતા અને સંતોષનું સેવન કરી ક્રોધાદિક કષાયનો પરિહાર કરો.’**

‘ જ્યાં સુધી રાગદ્વેષનું જોર છે ત્યાં સુધી સંસારનો અંત આવવાનો નથી, અને રાગદ્વેષ ટળ્યા કે તરતજ **પરમપદ**ની પ્રાપ્તિરૂપ મોક્ષ સહજ છે. ’

‘ હે ભવ્યો ! કલ્પિત અમૃતમાં મુંઝાશો નહિ, મોક્ષસુખમાં પ્રીતિ ધરી સમતા અમૃતનુંજ સેવન કરો. ’

‘ મનરૂપી મેરૂનો રવૈયો કરી યોગ ગ્રંથરૂપી સમુદ્રને મથી સમતારૂપી અમૃત મેળવી **અનુભવ રસનું પાન કરો.** ’

‘ સમતા અમૃતનું પાન કરી **સ્વભાવરમણવડે આત્માનુભવ** કરનાર ઉદાસીન પુરૂષને રાગદ્વેષાદિક વિકાર શું કરે ? ’

‘ જેનાથી કષાય તાપ ઉપશમે અને આત્મામાં સહજ શાન્તિ પ્રસરે એવોજ **અભ્યાસ સદા કર્તવ્ય છે.** ’

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમદ્ **આનંદઘનજી** મહારાજ આવાજ પવિત્ર લક્ષથી શ્રી શાંતિનાથ પ્રભુની સ્તવના કરતાં વિનંતિ રૂપે કહે છે કે—

શાંતિજિન એક મુજ વિનતિ, સુણો ત્રિભુવન રાયરે;
શાન્તિ સ્વરૂપ કિમ જાણીએ, કહો મન્ન પરખાયરે. શાં. ૧
ધન્ય તું આત્મા જેહને, એહવો પ્રશ્ન અવકાશરે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાન્તિ પ્રતિભાસરે. શાં૦ ૨
ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તેમ **અવિતથ** સદ્દહે, પ્રથમ એ શાન્તિપદ સેવરે. શાં૦ ૩
આગમધર ગુરૂ સમકિતી, ક્રિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ[1] અનુભવ આધાર રે. શાં૦ ૪
શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલરે;
**તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિકી[2] શાલરે.[3] ૫**
ફલ વિસંવાદ[4] જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધીરે;
સકળ નય વાદ વ્યાપી રહ્યા, એ શિવ સાધન સંધીરે. શાં૦ ૬
વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધરે;
ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઇશ્યો આગમે બોધરે. શાં૦ ૭
**દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરૂ સંતાન રે;**
યોગ સામર્થ્ય ચિત ભાવ જે, ધરે મુગતિ નિદાનરે. શાં૦ ૮
**માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણરે;**
**વંદક નિંદક સમગણે,** ઇશ્યો હોય તું જાણરે. શાં૦ ૯
**સર્વ જગજતુંને સમગણે, સમગણે તૃણ મણિ ભાવરે;**
**મુગતિ સંસાર બેહુ સમ ગણે** મુણે ભવજલનિધિ નાવરે. શાં૦ ૧૦
**આપણો આતમ ભાવ જે, એક ચેતના* ધારરે;**
**અવર સવિ સાથ સંયોગથી,** એહ નિજ પરિકર સારરે. શાં૦ ૧૧
પ્રભુ મુખથી એમ સાંભળી, કહે આતમ રામરે;
તાહરે દરિસણે હું તર્યો, મુજ સિધ્યાં સવિ કામરે. શાં૦ ૧૨
અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજરે;
અમિત ફલ દાન દાતારની, જેહને ભેટ થઇ તુજરે. શાં૦ ૧૩
શાન્તિ સ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પર રૂપરે;
આગમ માંહિ વિસ્તર ઘણો, કહ્યો શાંતિજિન ભૂપરે. શાં૦ ૧૪

---

૧ પવિત્ર. ૨ સાત્વિકી વૃત્તિ. ૩ વિશાલ. ૪ વિરોધ. *સત્યપણે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાન્તિ સ્વરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાનરે;
**આનંદઘન** પદ પામશે, તે લહેશે બહુ માનરે. શાં૦ ૧૫

કેવો અદ્ભુત પરમાર્થવાળો બોધ આથી સહૃદયને પ્રાપ્ત થઇ શકે છે? આનો સારાંશ એ છે કે સહજ અધ્યાત્મિક શાન્તિનું સ્વરૂપ સદ્ગુરૂ સમીપે યથાર્થ સમજી નિર્ધારી તેવાજ પવિત્ર લક્ષથી તેવી અધ્યાત્મિક શાન્તિ મેળવવા પ્રયત્ન કરવો એ સર્વ કોઇ આત્માર્થી સજ્જનોનું મુખ્ય કર્તવ્ય છે. સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર ભગવાને આત્માર્થી જીવોના હિતને માટે જે સદુપદેશ આપ્યો છે તે શ્રી ગણધરોએ સૂત્રમાં ગુંફિત કરેલો છે. તદનુસારે ઉત્તમ ચારિત્રનું સેવન કરી સમતા રસમાં નિમગ્ન થયેલા મહાશયોએ આપણા કલ્યાણાર્થે નિઃસ્વાર્થપણે જે અથાગ પરિશ્રમ ઉઠાવી આપણને અપૂર્વ જ્ઞાનરૂપી અમૃતમય પ્રસાદી આપી છે, તે જો આપણે કૃતજ્ઞ બની પ્રસન્ન ચિત્તથી ચાખીએ તો આપણને પણ તેવાજ ઉત્તમ શમામૃતની ખુમારીથી રાગ દ્વષાદિક દુષ્ટ વિકારો સંતાપી શકેજ નહિં.

રાગદ્વેષાદિક વિષ-વિકારોને ટાળવા સમર્થ એવા શમામૃતનું સદા સેવન કરવાથી જેમનામાં અપૂર્વ શાંતિ પ્રગટી રહી છે એવા મહાત્મા—મુનિવરોની હોડ કરવા કોઇ સમર્થ થઇ શકે તેમ નથી, એ વાત આ અષ્ટકનો ઉપસંહાર કરતા છતા ગ્રંથકર્તા જણાવે છે—

गर्जद् ज्ञानगजोत्तुंग, रंगद्ध्यानतुरंगमाः
जयंति मुनिराजस्य, शमसाम्राज्यसंपदः ॥ ८ ॥

**ભાવાર્થ**:—ગર્જારવ કરતા જ્ઞાનરૂપી હાથીઓ અને ઉંચા લક્ષણવાળા નાચતા ધ્યાનરૂપી અશ્વો જેમાં વિદ્યમાન છે એવી મુનિરાજની શમસામ્રાજ્યસંપદા સદા જયવંત વર્તે છે.

**વિવેચનઃ**—આગળ જતાં **સર્વસમૃદ્ધિ** અષ્ટકમાં જેમ જણાવ્યું છે તેમ બહિર વૃત્તિ માત્રના ત્યાગી એવા અંતરદૃષ્ટિ અણગારોના ઘટમાં સર્વ પ્રકારની ઋદ્ધિ સમૃદ્ધિ સ્ફુટ માલમ પડે છે. ઇંદ્રની સાહેબી, ચક્રવર્તીની સાહેબી, નાગેન્દ્રની સાહેબી, હરિ હર બ્રહ્માની સાહેબી તેમની પાસે કંઇ હિસાબમાં નથી. તીર્થંકર ભગવાનની ઋદ્ધિ પણ તેવા મુનિવરને સુલભ છે. એ સર્વ રિદ્ધિસિદ્ધિ શી રીતે સાંપડે છે? તેનું સમાધાન ગ્રંથકારે **સર્વસમૃદ્ધિ** અષ્ટકમાં સારી રીતે કરેલું છે. ઇંદ્રની ઋદ્ધિ મુનિની સાહેબી આગળ પાણી ભરે છે એમ ગ્રંથકારે અન્ય સ્થળે પણ જણાવ્યું છે. તેમાં લખ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'ज्ञान विमान चारित्र पवि, नंदन सहज समाध;
मुनि सुरपति समता शची, रंगे रमे अगाध.'

**( સમાધિ તંત્ર ).**

મુનિરાજને જ્ઞાનરૂપી વિશાળ વિમાન છે, ચારિત્ર રૂપી વજ્ર દંડ છે, સહજ સમાધિ રૂપી નંદન વન છે, અને સમતા રૂપી ઇંદ્રાણી છે, એવા અણગારને ઇંદ્ર કરતાં કંઇ ન્યૂનતા નથી.

**નિસ્પૃહતા અષ્ટકમાં** કહ્યું છે કે પારકી સ્પૃહા જેવું દુઃખ નથી અને નિસ્પૃહતા જેવું સુખ નથી. 'આવી નિસ્પૃહતાથીજ મુનિવરને ચક્રવર્તી કરતાં પણ અધિક સુખ છે.' 'નિસ્પૃહીને કોઈની પરવા નથી.' 'નિર્મળ ચારિત્રવંતને કશો ભય નથી.' 'એવા જ્ઞાની અને નિસ્પૃહી મુનિને અહીંજ મોક્ષ છે.' આ સર્વ વચનો મુનિનો–મુનિના સદ્‍ગુણોનો અપાર મહિમા સૂચવે છે. જેમ ઉત્તમ લક્ષણવાળા હાથી ઘોડા સામ્રાજ્યલક્ષ્મીનાં ચિન્હ છે તેમ નિર્મળ જ્ઞાન અને નિર્મળ ધ્યાન એ મુનિરાજની શમ સામ્રાજ્ય સંપદાનાં મુખ્ય ચિન્હ છે.

નિર્મળ જ્ઞાન ( અનુભવજ્ઞાન) અને નિર્મળ ધ્યાન ( ધર્મધ્યાન તથા શુક્લધ્યાન ) ના સતત અભ્યાસથી મુનિવર એવું નિષ્કંટક શમ સામ્રાજ્ય પામે છે કે તેથી તેને ભ્રષ્ટ કરવા ત્રિભુવનમાં કોઇ પણ સમર્થ થઇ શકતું નથી. આવું શમ સામ્રાજ્ય અરિહંતાદિકપંચપરમેષ્ઠીને પ્રગટપણે પ્રાપ્ત થયેલું હોય છે. પ્રમાદ માત્રને દૂર કરી પ્રબળ પુરૂષાર્થ ધારી પૂર્વ મહાપુરૂષપ્રણીત પંથે પળી સર્વ બાધક ભાવને વારી અપૂર્વ વીર્યોલ્લાસથી અક્ષય સુખની સાધના માટે જે આગળ ધસ્યા છે તે પરમ પવિત્ર પંચપરમેષ્ઠીના નામથી પ્રસિદ્ધ છે.

રાગ દ્વેષ અને મોહાદિક દોષમાત્રનું દલન કરી પરમાત્મપદવીને પ્રાપ્ત થયેલા જિનેશ્વર ( જિનનાયક, તીર્થંકર ) અથવા જિન ( સામાન્ય કેવળી ) એ પ્રથમ અરિહંતપદથી ઓળખાય છે, તે કેવળજ્ઞાન દર્શનાદિક, અનંત ચતુષ્કના સ્વામી હોવાથી વિશ્વવંદ્ય જગદ્‍ગુરૂ એવા પ્રથમ પરમેષ્ઠીપણે પ્રસિદ્ધ કહેવાય છે.

પૂર્વોક્ત અરિહંતપ્રણીત માર્ગને યથાર્થ અનુસરી સકળ ઘાતિ અને અઘાતિ કર્મમળનો સર્વથા નાશ કરી જે જન્મમરણનાં બંધનથી મુક્ત થઇ, સ્ફટિક રત્ન સદૃશ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરી નિરંજન નિરાકાર થઇ અક્ષય અવ્યાબાધ એવા શાશ્વત મોક્ષસુખના ભોક્તા થયા તે બીજા પદના **સિદ્ધ** નામથી ઓળખાય છે. એ સિદ્ધના ૧૫ ભેદ છે તે અન્યત્ર '**જૈન તત્ત્વ પ્રવેશિકા**'માં બતાવેલા છે, અને સહુ ભવ્યોને એજ પ્રાપ્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ અરિહંતપ્રણીત પંચવિધ આચારમાં કુશળ હોઈ અન્ય યોગ્ય જનોને ઉક્ત આચારમાં દૃઢ કરનાર, જિતેન્દ્રિય, નવવિધ બ્રહ્મચર્યની રક્ષા કરનાર, નિષ્કષાય, પાંચ સમિતિ ત્રણ ગુપ્તિમાં સદા સાવધાન રહેનાર **આચાર્ય** ભગવંત ત્રીજાપદે પ્રસિદ્ધ છે.

'ભાવાચાર્ય તીર્થંકર સમાન કહ્યા છે.'

૪ જેમના સમીપે સૂત્ર અભ્યાસ કરનાર શિષ્યો અમૂલ્ય રત્ન જેવા થાય છે, જે સદા પઠનપાઠનમાં તત્પર રહે છે, પથ્થર જેવા જડ શિષ્યોને પણ સૂત્રધારાથી નવપલ્લવ કરે છે, અને સાધુસમુદાયને સદા સારણા વારણાદિક આપવા સાવધાન રહે છે તે **ઉપાધ્યાય** મહારાજ ચતુર્થ પદને શોભાવે છે.

૫ સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચારિત્ર રૂપી ઉજ્વળ રત્નત્રયીની રૂડી રીતે આરાધના કરતા, સદુપદેશામૃતનું ભવ્ય જનોને પાન કરાવતા, વીતરાગ વચનાનુસારે સર્વ સદ્ગુણોનું અનુમોદન કરતા અને ઉત્તમ જ્ઞાનધ્યાનનો સતત અભ્યાસ કરી શમ સામ્રાજ્યને સ્વાધીન કરતા **મુનિવરો** પંચમ પરમેષ્ઠીપદે પ્રતિષ્ઠિત છે.

આવું અનુપમ શમ સામ્રાજ્ય પ્રાપ્ત કરવાની ઉચ્ચ અભિલાષા સર્વ કોઈ આત્માર્થી સજ્જનોને જાગૃત થાઓ! અને તદનુકૂળ આચરણથી એવી ઉચ્ચ અભિલાષા સફળતાને પામો! એજ મહાકાંક્ષા. ઈતિશમ.

સન્મિત્ર કર્પુરવિજયજી.

# माया–दंभ त्याग.

(લેખક મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, સોલીસીટર.)

સૌજન્યના વિષયને અંગે અનુક્રમે આપણે લોભ (તૃષ્ણાછેદ), ક્રોધ (ક્ષમા) અને માન (મદત્યાગ) એ ત્રણ કષાયોપર કૌંસમાં લખેલ વિષયના મથાળાથી વિસ્તારથી સ્વરૂપ વિચાર્યું. ત્યારપછી ક્રમપ્રાપ્ત સૌજન્યના બીજા વિષયો લેવામાં આવશે, પણ કષાયના ચાર વિષયો પૈકી માયાનું સ્વરૂપ બાકીમાં રહી જાય છે તેને અંતરંગ વિષય તરીકે અથવા સ્વતંત્ર લેખ તરીકે તપાસી કષાયના વિષયની વિચારણા સંપૂર્ણ કરીએ.

દુર્ગુણોમાં પૌદ્ગલિક વાસના દૃઢ હોય છે. અનાદિ અભ્યાસને લીધે પુદ્ગલ સાથેનો સંબંધ એવો જબરજસ્ત લાગેલો છે કે એને છોડવાની અગત્યતા સમજાયા છતાં પણ આ જીવ તેનો સંબંધ છોડી શકતો નથી. છોડવાના પ્રસંગો પ્રાપ્ત થાય ત્યારે પણ થોડો ઘણો વિચાર કરી પાછો સુસ્ત થઇ જઈ પાછો હઠી જાય છે, અને હતો તે સ્થિતિમાં ગબડ્યા કરે છે. આત્મિક શુદ્ધ વ્યવહારને દુર્ગુણ સાથે કદિ સં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધ હોતો નથી. જ્યાં જ્યાં દુર્ગુણનું નામ આવે ત્યાં પુદ્ગળ રાગ, પુદ્ગળ ગૃદ્ધિ કે પુદ્ગળ આસક્તિ જોવામાં આવશે. આ પુદ્ગળ દ્રવ્ય અને આત્મદ્રવ્યનો સંબંધ બહુ વિચારવા યોગ્ય છે. એ બન્નેનો સંબંધ ક્યારનો છે? શામાટે થયો છે? કેટલો વખત ચાલે તેટલો છે? કેવી રીતે છુટી શકે તેવો છે? વિગેરે ઘણા મહત્વના પ્રશ્નો આ સંબંધમાં ઉઠવા પ્રસ્તાવિક છે. એ સવાલનો વિશેષ જવાબ તો દ્રવ્યાનુયોગના મોટા ગ્રંથોજ આપી શકે, પણ આપણે બહુ ટુંકામાં એનું સ્વરૂપ સમજવું હોય તો તે એટલું છે કે આત્મિક પૌદ્ગલિક પરસ્પર સંબંધ સહજ **નથી**, આકસ્માતિક છે; મૂળ સ્વરૂપનો નથી, અન્ય પદાર્થજન્ય છે; નિત્ય નથી, અનિત્ય છે; સ્વાભાવિક **નથી**, વિભાવિક છે; યોગ્ય ઉપાય કરવાથી પણ ન મટે તેવા અસાધ્યવ્યાધિ જેવો નથી, સુસાધ્ય છે. વિભાવદશાને લીધેજ આત્મા પરભાવમાં મસ્ત રહે છે, અને ભુલથી તેનેજ સ્વભાવદશા સમજે છે. વસ્તુસ્વરૂપનું યથાસ્થિત જ્ઞાન ન હોવાને લીધે શુદ્ધ સ્વરૂપ આ જીવ કોને સમજે છે, અને વાસ્તવિક કયું છે, એનો ખ્યાલ આવતો નથી. આ સ્થિતિ દૂર કરવાના અનેક ઉપાયો છે. કર્મ સ્વરૂપ અને તેનું પુદ્ગલત્વ સમજી તે દૂર કરવાના ઉપાયોનું ચિંતવન અને વર્તન કરવાથી કર્મ સંબંધ દૂર થાય છે, અને તે દૂર થતો જાય છે તેમ તેમ શુદ્ધ સ્વરૂપ અનુભવમાં આવતું જાય છે.

કર્મસ્વરૂપ સમજવા માટે પણ ઘણા ગ્રંથો, અને ખાસ કરીને શ્રી કર્મગ્રંથ મનન પૂર્વક વાંચવા જોઇએ. એ પર વિસ્તાર કરવાથી વિષય બહુ લંબાણ થઇ જાય, અને તદ્દન અપ્રસ્તુત તો નહિ, પણ પ્રાસંગિક વિષય ઉપર અતિ લાંબો ઉલ્લેખ થાય તે કોઈ પણ વિષયમાં ઇચ્છવા જોગ નથી. અત્ર આપણે બંધચતુષ્ટય અને તેનાં કારણોપર વિચાર કરીએ. કર્મપ્રકૃતિ આત્મા સાથે બંધાય તેને 'બંધ' કહે છે, તે જ્યારે સ્થિતિ પરિપકવ થયે ભોગવાય ત્યારે તેને 'ઉદય' કહે છે, પોતાનો નિર્મિતકાળ પ્રાપ્ત થયા પહેલાં તે કર્મપ્રકૃતિને ખેંચીને તેનો વિપાક ભોગવી લેવો, તેને 'ઉદીરણા' કહે છે અને અમુક પ્રકૃતિ બંધાયા પછી ઉદયમાં ન આવે ત્યાંસુધીની સ્થિતિને 'સત્તા' કહે છે. આ ચાર પૈકી 'બંધ' નો વિષય બહુ અગત્યનો છે, કારણકે આત્મા અને કર્મનો સંબંધ થાય તેનેજ બંધ કહેવામાં આવે છે. એનું બરાબર સ્વરૂપ સમજી એના પ્રસંગો અલ્પ કરી નાંખવામાં આવે તો ઘણા પ્રકારની અગવડોનો હમેશને માટે ક્ષય થઇ જાય.

આ કર્મબંધ વખતે કર્મની ચાર બાબતનો નિર્ણય થાય છે. અમુક કર્મવર્ગણાઓ આત્માએ ગ્રહણ કરી તેની પ્રકૃતિ કેવી છે, એટલે તેનો સ્વભાવ કેવો છે. આ પ્રકૃતિબંધને property of karmas કહેવું ઉચિત લાગે છે. વળી તે કર્મવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણાઓ કેટલો કાળ રહી કયારે ઉદયમાં આવશે, અને ઉદયકાળ કેટલો રહેશે, તેનું નિર્માણ થવું તે બીજો સ્થિતિબંધ duration of karmas કહેવાય છે. ગ્રહણ અને ઉદયકાળ વખતે કર્મોની ચીકાશ અથવા ઘટપણું કેટલું છે; અથવા બીજી રીતે જોઇએ તો બંધ અને ઉદય કાળમાં તે કેટલા ઘટ અથવા સ્થૂળ છે,અને કેવી રીતે વિપાક આપનારા છે, એ વિષયનું નિર્માણ થવું તેને રસબંધ intensity of karmas કહે છે, અને તે કર્મોના પ્રદેશો કેટલી સંખ્યામાં છે તેનું જે નિર્માણ તેને પ્રદેશબંધ numerical value of karmic atoms કહેવામાં આવે છે.કર્મબંધના આ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશબંધને કર્મગ્રંથાદિકથી બહુ સારી રીતે સમજવા યોગ્ય છે.

એથી પણ વધારે અગત્યનો વિષય કર્મબંધનાં કારણો શું છે તે સમજવાનો છે.મહા વિશાળ દૃષ્ટિથી અવલોકન કરી જૈનશાસ્ત્રકારોએ કહ્યું છે કે દુનિયામાં કર્મબંધના ગમે તેટલા પ્રસંગો આવે તે સર્વનો ચારમાંજ સમાવેશ થઇ શકે છે, અને તે ચાર તે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે. કોઇ પણ પાપનો પ્રસંગ આ ચારની બહાર જઇ શકે તેમ નથી, એ બરાબર ધ્યાનમાં રાખવું. એ ચાર કર્મબંધ હેતુના વિશેષ વિભાગ કરતાં સત્તાવન ભેદ થાય છે, અને તેને શાસ્ત્રકાર સત્તાવન 'બંધહેતુ' કહે છે.આ સત્તાવન પૈકી દરેકે દરેક બંધહેતુ બહુજ મનન કરીને સમજવા યોગ્ય છે, કારણ કે એને સમજ્યા વગર બહુધા એનો ત્યાગ બની શકતો નથી, અને એનો ત્યાગ બની શકે નહીં ત્યાંસુધી ભવભ્રમણ મટતુંજ નથી, અને જે ક્રિયાથી ભવભ્રમણ મટે નહિ તે સર્વ ક્રિયા નકામી છે. આ સત્તાવન બંધહેતુ પૈકી પાંચ મિથ્યાત્વનું સ્વરૂપ તો બહુજ વિચારવા લાયક છે. કષાયો આપણો પ્રસ્તુત વિષય છે, આપણે લોભ, ક્રોધ અને મદનું સ્વરૂપ અન્યત્ર જોઇ ગયા, એ કષાયો કેટલા મહત્વના છે, અને આપણા જીવનના દરેક પ્રસંગો સાથે કેવા જોડાઇ ગયેલા છે તે આપણે ઉક્ત લેખોમાં જોયું હતું, અને કદાચ તે લેખ વાંચ્યા ન હોય તો પણ દરરોજના અનુભવની તે વાત છે,હવે બાકી રહેલા ચોથા 'માયા' નામના કષાયપર આપણે વિચાર કરીએ. કર્મબંધનું પ્રબળ કારણ હોવાથી તે કષાયને બરાબર સમજી કર્મબંધ દૂર કરવાનો અને તેથી કર્મમુક્તિ પ્રાપ્ત કરવાનો આ પરમ સિદ્ધ ઉપાય છે; એટલું લક્ષ્યમાં રાખી આપણે વિષયની આવશ્યકતાપર અલ્પ ઉપોદ્ઘાત કરી વિષયના વસ્તુસ્વરૂપચિંતવનમાં પ્રવેશ કરવાનો યત્ન કરીએ. આ પ્રસંગે એટલું પણ જણાવવું યુક્ત લાગે છે કે ઉપર જણાવ્યું તે પ્રમાણે કર્મના પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશો પૈકી રસબંધનો નિર્ણય બહુધા કષાયની તીવ્રમંદ ચીકાશ ઉપર બહુ આધાર રાખે છે. કષાયની પ્રચુરતા હોય તે વખતે રસબંધ બહુ તીવ્ર પડે છે, અને તેની અલ્પતા હોય ત્યારે કર્મની ચીકાશ અલ્પ પડે છે. બંધ પ્રમાણે ઉદય થાય તે સમજવું તો સહેલું છે, તેથી કર્મબંધના અગત્યના વિભાગ રસબંધને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અલ્પાધિક અંશે તીવ્રમંદ કરવાનું અને તે દ્વારા વિપાકોદયમાં ફેરફાર કરી શકવાનું મહા સામર્થ્ય પુરૂષાર્થ હસ્તક છે, એ હકીકત નિરંતર ચક્ષુ સમીપ રાખવાની અતિ આવશ્યકતા છે. આટલી અગત્યતા ધરાવનાર કષાયોના વિષયને બની શકે તેટલી જુદી જુદી રીતે ચર્ચી તેના સંબંધમાં વિચારજાગૃતિ રાખવાનું કારણ આથી સિદ્ધ થાય છે.

દુર્ગુણો બે પ્રકારના હોય છે. કેટલાક દેખાવમાં બહુ ખરાબ અને કેટલાક બિલકુલ દેખાવ વગરના. ક્રોધ, માન, લોભ, નિંદા, પૈશૂન્ય, કલહ વિગેરે દુર્ગુણો દેખાવથીજ નિંદ્ય છે. ક્રોધ કરનારની મુખમુદ્રાનો દેખાવ, તેના બોલવાની રીતિ અને તેના શરીરના સર્વ વિભાગોનો વિચિત્ર પ્રકાર દેખી તેના તરફ સુજ્ઞ પ્રાણીઓ તુરત તિરસ્કાર દેખાડે છે, અથવા એવા પ્રકારની વૃત્તિ બોલવામાં કે વર્તવામાં તેના તરફ બતાવે છે કે તે તુરત સમજી જાય કે પોતે જે વર્તન કરે છે તે દુર્ગુણ છે, અને દુનિયાના ડાહ્યા માણસો તેને પસંદ કરતા નથી, અને તેવા પ્રકારના વર્તનના સંબંધમાં તેઓ પોતાની સંમતિ બતાવતા નથી. એવીજ રીતે બીજા સાધારણ અસાધારણ દુર્ગુણોના સંબંધમાં સમજી લેવું. આથી ઉલટા કેટલાક એવા દુર્ગુણો હોય છે કે જેના સંબંધમાં બહારના માણસોને અભિપ્રાય બતાવવાનો અવકાશજ રહેતો નથી; જે દુર્ગુણોનું એકાંતમાં સેવન થાય છે, અને જેની હૈયાતિ સ્વીકારવામાંજ પોતાની લઘુતા સમજાય છે. અપ્રમાણિક વ્યવહાર, પરસ્ત્રીસંબંધ, કપટાચરણ વિગેરે અનેક આવા પ્રકારના દુર્ગુણો છે, એ બાહ્ય દેખાવ જુદો રાખી અંતરંગ આચરણ તેથી તદ્દન વિરૂદ્ધ પ્રકારનુંજ કરતાં શીખવે છે. દંભનો સમાવેશ આ બીજા પ્રકારના દુર્ગુણોમાં થાય છે. એ ગુપ્ત રીતેજ પોતાનું કામ કરે છે; તેથી તેને સમજવાનું અને ત્યાગ કરવાનું વધારે મુશ્કેલ પડે છે. આ અગત્યના વિષયપર અનેક દૃષ્ટિથી ધ્યાન આપી, તેને બને તેટલે અંશે ઓળખવાનો યત્ન કરવાની જરૂર છે. આ ત્રીજા કષાયને દંભ–માયા–કપટ–બાહ્યાડંબર વિગેરે અનેક ઉપનામો આપવામાં આવે છે. માયાની પૂરી વ્યાખ્યા થઇ શકે તેમ નથી. મનના વિચાર વિરૂદ્ધ વર્તન કરવું એ તેની એકપક્ષી વ્યાખ્યા છે. આવા શબ્દનું પુરૂં લક્ષણ બાંધવું મુશ્કેલ છે, પરંતુ એ શબ્દો એટલા બધા પરિચિત છે કે તેના લક્ષણની બહુ આવશ્યકતા રહેતી નથી.

એક દંભી પ્રાણીનું ચિત્ર દોરવું અતિ બોધદાયક થઇ પડે તેવું છે. એ પ્રાણીમાં સત્ય વચનનો કે પ્રમાણિક વર્તનનો સદ્ગુણ બીલકુલ ન હોય, છતાં તે પોતાના સત્યવાદીપણાના થતાં વખાણ સાંભળી રાજી થશે, અથવા પોતાના સંબંધમાં થતા ભૂલભરેલા વિચારો ખોટા છે એમ કહેવાને તે કદી બહાર પડશે નહિ. પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતઃકરણમાં અનેક મલીન ભાવો, નીચ યોજનાઓ અથવા અશ્લીલ વાસનાઓ નિરંતર જાગૃત રહેતી હોય છતાં એક સદ્ગુણી મહાશય તરીકે પોતાને ઓળખાવવાને આ જીવ લલચાશે. બીજા પ્રાણીઓ તેના આવી બાબતમાં વખાણ કરે તે વખતે આ જીવ ખુશી થશે, અને જે માન પોતાને ન છાજે તે લેવા આતુર રહેશે. આટલુંજ નહિ પણ કેટલીક વાર ખુલ્લી રીતે પોતામાં સદ્ગુણો હોવાનો દેખાવ પણ કરશે. આ સ્થિતિ અતિ ભયંકર છે, તેનું કારણ એ છે કે આવા પ્રાણીને ગુણ પ્રાપ્ત થવાનો સંભવ બહુ દૂર થતો જાય છે. ગુણને ગુણ તરીકે ઓળખવા અને તે પ્રાપ્ત કરવા દૃઢ ઇચ્છા રાખવી, એ ગુણપ્રાપ્તિનો પ્રથમ ઉપાય છે. માયાવી પ્રાણી ગુણને ઓળખતો નથી, ગુણને ગુણ ખાતર પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખી શકતો નથી અને ગુણપ્રાપ્તિના માર્ગની સન્મુખ રહી શકતો નથી. તેનો વ્યવહાર માત્ર દુનિયામાં પોતાનો વહીવટ સારા દેખાઇને ચલાવવાનો હોય છે. અને તેમાં અન્ય માણસોની ભલમનસાઇથી તે થોડો વખત લાભ મેળવે છે.

આવા દાંભિક વર્તનનો હેતુ શું હોવો જોઇએ ? એનું એકજ કારણ તો મળવું મુશકેલ છે; કારણકે જુદા જુદા માણસો જુદા જુદા આશયથી કપટભાવ ધારણ કરે છે. મુખ્ય મુખ્ય હેતુઓની તપાસ કરતાં જણાશે કે એ હેતુ અને પરિણામ કેવાં ભૂલ ભરેલાં અને અનર્થ નિપજાવનારાં છે. મુખ્ય હેતુ ઘણીવાર પૈસા પ્રાપ્ત કરવાનો હોય છે. કપટયુક્ત વર્તનથી સુંદર બાહ્ય દેખાવ રાખી પ્રમાણિકપણાને નામે કેટલાક થોડો વખત ધન મેળવે છે. પરંતુ જે વખતે તેઓ ખરા સ્વરૂપમાં દુનિયાની દૃષ્ટિમાં જણાય છે ત્યારે તેઓની શી સ્થિતિ થાય છે, અને તેઓને કેટલી નુકશાની સહન કરવી પડે છે તે અનુભવથી સમજાય તેવું છે. ધનપ્રાપ્તિ માટે આવાં સાધનો શોધવાં એ પણ બહુ અધમ કાર્ય છે. ધનની સ્થિતિ શું છે ? ધનનો ઉપયોગ શું છે ? ધનનો સંબંધ કેવો છે ? કેટલો છે ? શા માટે છે ? પરિણામ કેવા પ્રકારનું છે ? અને આ સર્વ સ્થિતિ અને સંબંધનું વાસ્તવિક કારણ શું છે, એનો સહજ પણ ખ્યાલ હોય તે પ્રાણી ધનની ખાતર આવાં સાધનો ઉપર નજર કરે નહિં. સીધા રસ્તાથી પ્રમાણિકપણે મળેલ સુકો રોટલો જેટલો મીઠો લાગે છે તેટલો કુટ વ્યવહારથી પ્રાપ્ત કરેલ ધનથી બનાવેલ ઘેબર કે દૂધપાક પણ સારો લાગતો નથી; વળી કપટભાવ કર્યા પછી છેવટ સુધી ઉઘાડા પડી જવાનો ભય રહે છે તે આ ઉપરાંત સમજવો. દંભ—કપટજાળ પાથરવામાં સર્વથી વધારે મુશ્કેલ ભાગ આજ છે. એક તો કપટભાવ ધારણ કરવા માટે મોટો વિચાર કરવો પડે છે. જે આત્માને અનેક મલિન અધ્યવસાયપરંપરાથી વાસિત કરી જેટલો વખત તે કુટરચના ગોઠવાય, તટલો વખત તેને મલિન કર્મોથી આવૃત કરે છે. એ ઉપરાંત એક દાંભિક વર્તન કર્યું હોય તો તેને જાળવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખવા અનેક દાંભિક વર્તનો, અસત્ય ભાષણો અને આડકતરા વ્યવહારો કરવાં પડે છે. દાખલા તરીકે પ્રેમીનો ડોળ ઘાલનાર પ્રાણી અંતરંગમાં જો માત્ર સ્વાર્થીજ હોય તો તેને પોતાનો સ્વાર્થ છુપાવવા અને પોતામાં પ્રેમ ન હોય તે છે એમ દેખાડવા સામા માણસ સાથે અનેક ગુપ્ત બાજીઓ રચવી પડે છે. આવી રીતે દાંભિક વર્તન કરતી વખત અને તેને જાળવી રાખવા માટે ત્યાર પછી ઘણા વખત સુધી અનેક પાપો અને પાપાચરણો સેવવાં પડે છે. ગમે તેવા હેતુથી માયા કપટ સેવવામાં આવતું હોય પણ તેને આ છેલ્લો નિયમ એક સરખી રીતે લાગુ પડે છે, એટલે કે તેને અમલમાં મુકવામાં અને તેનો દેખાવ જાળવી રાખવામાં અનેક નીચ કર્મો કરવાં પડે છે, અને તે દ્વારા કર્મરાશિથી આત્મા ભારે થતો જાય છે. દ્રવ્યપ્રાપ્તિના હેતુથી કરેલી માયા કેટલીકવાર બહુ દુઃખ આપે છે. જેની સાથે આપણે સંબંધ કર્યો હોય તે પ્રાણી આપણું દાંભિક વર્તન જોઇ આપણને હમેશને માટે તજી જાય છે, અને આપણામાં વિશ્વાસ કરતો નથી. આવી રીતે બે ચાર વખત ઉઘાડો પડી જનાર પ્રાણી પછી સર્વનો વિશ્વાસ ખુવે છે, અને પરિણામે ધનપ્રાપ્તિનું સાધન હોય છે તે હારી બેસે છે. આથી ઉલટી રીતે જે પ્રાણી સીધી રીતે વ્યવહાર ચલાવે છે તેને કદાચ શરૂઆતમાં સહન કરવું પડે છે, પણ ધીમે ધીમે તેનો જમાવ થતો જાય છે, અને ધનસંપત્તિનાં સાધનો દિવસાનુદિવસ વિકસ્વર થતાં જાય છે.

દાંભિક દેખાવ કરવાનું બીજું કારણ લોકરંજન કરવાનું હોય છે, અને તે દ્વારા પોતાની માન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાનું હોય છે. વર્તન વગરની માનરૂચિ આ જીવને બહુ હાનિ કરે છે. માનનું સ્વરૂપ તો આપણે 'મદત્યાગ'ના વિષયમાં જોઈ ગયા છીએ. માન આપનારા અને લેનારા અહીં બેસી રહેવાના નથી. નામ નિરંતર રહી શકે એ વિશ્વનિયમથી ઉલટું છે, નામ રહે તોપણ એ નામ સાથે પરભવમાં ગયા પછી સંબંધ નથી, સંબંધ હોય તોપણ પરભવમાં તેથી લાભ નથી, અનેક પ્રાણીઓ સારી રીતે માનને પાત્ર થયા છે,તેઓનાં નામ અત્યારે આપણને યાદ નથી. દુનિયાના હૈયાત માણસોમાંથી સો વરસ પછી એક પણ અત્ર બેસી રહેવાનો નથી, અને ચક્રવર્તી જેવા છખંડવિખ્યાત ઉત્તમ પુણ્યવંત જીવોનાં નામ પણ આપણે યાદ રાખતા નથી—આ સ્થિતિ જોઇને આપણે માનરૂચિ રાખવી ન જોઇએ, એ તો સિદ્ધ કરી ગયા છીએ. આ હકીકત તો માનને પાત્ર હોય તેવા પ્રાણીના સંબંધમાં જોઇ. સ્વતઃ માનપ્રતિષ્ઠા મળે તો ભલે મળે, તેની સાથે આપણે સંબંધ નથી, પણ તેની ઇચ્છાથી કોઇ પણ વિશિષ્ટ વર્તન કરવું નહિ અથવા વિશિષ્ટ વર્તન કરી માનની ઇચ્છા રાખવી નહિ. આ પ્રમાણે હકીકતનું રહસ્ય જો આપણે સ્વીકારતા હોઈએ તો પછી જે ગુણ કે વિશુદ્ધ વર્તન આપણામાં નહોય તેને માટે માન મેળવવાની ઇચ્છા રાખવી એ કેટલી નીચ વૃત્તિ દેખાડે છે! માન મેળવવાની ઇચ્છા રાખનારને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે પ્રસંગે એટલા મલીન વિચારોની શ્રેણીમાંથી પસાર થવું પડે છે, અને તેવી સ્થિતિ એટલો લાંબો વખત ચાલે છે કે એનો ખ્યાલ કરતી વખત તેવી લોકરંજન વૃત્તિને માટે ખરેખરો ત્રાસ ઉત્પન્ન થવા સંભવ છે. ગમે તે કારણ હોય પણ આવા દાંભિક વર્તનનો ભોગ મોટો ભાગ થઈ પડે છે, અને તેમ કરી અધઃપાતનું બીજ હાથે કરીને વાવે છે. એનું પરિણામ કેટલું ભયંકર થાય છે તે તો આપણે હવે પછી જોઈશું, પણ અત્યારે સામાન્ય દૃષ્ટિએ એ સવાલ તપાસતાં પણ જણાય છે કે એમ કરવામાં આ જીવ બહુ ભૂલ કરે છે. એ ભૂલ એટલી સામાન્ય પણ ઠપકાપાત્ર છે કે તેના સંબંધમાં બહુ ચિંતવન કરવાની જરૂર છે. ઘણી વખત જાહેર વ્યાખ્યાન ( ભાષણ ) આપતી વખત ઉપદેશ આપવાને બદલે આ જીવ સદ્ગુણના અનુભવનો ડોળ ઘાલી દે છે, લેખ લખવામાં અનેક ગુણો પોતાંમાં હોવાનું ધારીને ચાલે છે, બીજાની સાથે વાતચીત કરવામાં પોતાની લઘુતા બતાવવા દ્વારા પોતામાં અનેક સદ્ગુણો વિદ્યમાન વર્ત્તે છે, એવું સીધી કે આડકતરી રીતે બતાવવા લલચાઈ જાય છે, અનેક પ્રકારના વેશો ધારણ કરીને તે વેશ ધારણ કરનારા મહાત્માઓમાં સદ્ભુત ગુણોનું આંતર અસ્તિત્વ પોતામાં છે, એમ અનુમિતિ કરવાની સ્થિતિમાં પોતાની જાતને મૂકે છે, લોકલાગણી ઉશ્કેરાણી હોય તેવા પ્રસંગે એક બે ધાર્મિક કાર્યો કરી પોતે ધર્મિષ્ટ છે એમ દેખાડવા ખોટો પ્રયાસ કરે છે( ધર્મને અને ધાર્મિક કાર્યોને ખાસ સંબંધ નથી, એ હકીકતનું રહસ્ય તેના ખ્યાલમાં હોતું નથી, અને પ્રાકૃત માણસો તે સમજી શકતા નથી ), રાજ્યદ્વારી જીંદગીમાં દાખલ થઈ અનેક કુટ નીતિઓનો આશ્રય કરી શુદ્ધ ચારિત્રવાન્ હોવાનો દાવો કરે છે—આમ અનેક રીતે વ્યવહારૂ માણસો પોતાનું સારૂં બોલે એવી વૃત્તિથી લલચાઈ જઈ પાપશ્રેણીઓ બાંધે છે, અને તેની સાથે એટલો તાદાત્મ્ય સંબંધમાં રંગાઇ જાય છે કે તે પાપોને વજ્ર લેપ કરે છે. દાંભિક વર્તનના સંબંધમાં તેને ઉત્પન્ન કરવાનાં કારણો પૈકી આ બન્ને મુખ્ય કારણો છે. ધનપ્રાપ્તિની આશા અને લોકરંજનદ્વારા લોકસ્તુતિ મેળવવાની ઇચ્છા. આ બન્ને વસ્તુતઃ કેવાં છે અને કેવાં પરિણામ ઉત્પન્ન કરનારાં છે, એ આપણે આગળ જોઈશું, તેમજ કપટયુક્ત વર્તન કરવાને લલચાવનારાં બીજાં નાનાં નાનાં કારણો પણ પ્રસંગે પ્રસંગે જોતાં જઈશું.

ધન સ્થીર રહેતું નથી, આજે જે ઘરમાં છપ્પનપર ભુંગળ વાગતી હોય, અથવા ધ્વજા ચડતી હોય[૧] તે ઘરમાં પાંચ વરસ પછી ખાવાના પણ વાંખા પડે છે;

---

૧ અગાઉ એવો રિવાજ હતો કે જે ગૃહસ્થની પાસે એક કરોડ રૂપિયા હોય તેના ઘરપર ધજા ચડે, અને તેથી તે કોટિધ્વજ કહેવાતો હતો, જયારે છપ્પન્ન કરોડના માલિકને પોતાને ઘરે ભેરી ( શરણાઈ—નોબત ) વગડાવવાનો રિવાજ હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેના હાથે વરસમાં લાખો રૂપિયાનો વેપાર થતો હોય છે તેને કુદરતનો ફટકો લાગતાં તે કોડિની કિંમતનો થઇ જાય છે. મુછ પર લીંબુ રાખનારા ધૂળ ભેગા થઇ જાય છે. આવી ધનની અસ્થિરતા સમજીએ છીએ,જોઇએ છીએ, અનુભવીએ છીએ, છતાં તેની ખાતર કપટયુક્ત વર્તનો કરવાની ઇચ્છા થાય છે એ ઓછું આશ્ચર્યજનક છે ? તેવીજ રીતે જનસ્તુતિમાં કાંઈ દમ નથી, તેમાં કાંઇ વાસ્તવિક સત્ય નથી, સત્ય હોય તો તેને આ જીવ સાથે કાંઈ સંબંધ નથી, સંબંધ સહજ માનવામાં આવે તો તે પણ આ ભવથી વધારે તો નથીજ. આ સર્વ હકીકત જાણવા છતાં આ જીવ શામાટે માનસ્તુતિ ખાતર પોતાનો અમૂલ્ય સમય દાંભિક વર્તનની ગોઠવણમાં કાઢતો હશે ? એનાપર બરાબર વિચાર કરવામાં આવે તો તુરત જણાઇ આવશે કે આ જીવ જે વર્તન કરે છે તેના સંબંધમાં પુખ્ત વિચાર કરવાને બદલે ઉપરઉપરના ખ્યાલથી તે લેવાઇ જાય છે. વસ્તુસ્વભાવ અને આત્મવિચારણા સાથે આત્માની થતી ઉત્ક્રાન્તિ અપક્રાન્તિનો બરાબર વિચાર કરે અને તેનાં કારણો સમજે તો કદિ પણ આવી સ્થિતિ થવી જોઇએ નહિ.

દાંભિક વર્તન કરતી વખતે મનને કેટલા ગોટા ગણાવવા પડે છે, તેનો હવે ખ્યાલ કરીએ. એક કપટયુક્ત વર્તન કરવા માટે પહેલાં તો તેની યોજના કરવી પડે છે. એ યોજના કરતી વખત તેના સંબંધમાં બીજા પ્રાણીઓ કેવો વિચાર કરતા હશે, કેવી તૈયારીઓ કરતા હશે, કેવા ઘાટ ઘડતા હશે, એના અનુમાનમાં અને કલ્પનામાં પોતાની અગત્યની શક્તિઓનો ઉપયોગ કરવો પડે છે. એ શક્તિનો ઉપયોગ કરતી વખત જે ધારણાઓ સામા પ્રાણીએ ધારી પણ ન હોય તેને માટે પણ ગોઠવણ કરવી પડે છે, અને ભવિષ્યમાં ધારણા ધારશે એમ માની શકાય—કલ્પી શકાય, એવી શક્ય વસ્તુઓ માટે પણ ગોઠવણ કરવી પડે છે. આ પ્રમાણે વ્યવસ્થા કરી નીચ યોજના તૈયાર કરવામાં માનસિક, શારીરિક અને આર્થિક અનેક શક્તિઓનો અપરિમિત વ્યય થાય છે. આવી આવી ગોઠવણો કરી છેવટે એક દાંભિક કાર્ય કર્યું, પણ આટલેથી તેનો છેડો આવતો નથી. દાંભિક કાર્ય કરતાં પહેલાં અને કરતી વખતે જે મુશ્કેલી હોય છે તેથી હજારો ગણી મુશ્કેલી તે કર્યા પછી ઉત્પન્ન થાય છે. એક દેખાવ કર્યો, એને જાળવી રાખવા હજારો અસત્ય બોલવાં પડે છે, અનેક માણસો ઉપર દૃષ્ટિ રાખવી પડે છે, પોતાની સત્ય સ્વરૂપની હકીકત જાણનાર સામી બાજુને મળી જઈ પોતાને ઉઘાડો ન પાડે તે માટે તેની અનેક ખુશામતો કરવી પડે છે, એક નીચ કૃત્યને છુપાવવા બીજાં અનેક નીચ કૃત્યો કરવાં પડે છે. અને તેટલો પરિશ્રમ કરતાં છતાં પણ હમેશાં ઉઘાડા પડી જવાના ભયમાં રહેવું પડે છે. કપટક્રિયા જેટલી નાની હોય છે તેટલું ઓછું કામ કરવું પડે છે, અને મોટી હોય તો લાંબા વખત સુધી તેને માટે અનેક માણસો સાથે અનેક પ્રકારે આડા અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળા પ્રયાસો કરવા પડે છે, પરંતુ નાના મોટા દરેક દાંભિક વર્તનમાં પહેલાની અને પછવાડેની મુશ્કેલીઓ જરૂર ઉભી રહે છે, અને તે એટલી પ્રસિદ્ધ અને સમજાઇ જાય તેવી છે કે કલ્પનાશક્તિનો જરા ઉપયોગ કરવાથી ખ્યાલમાં આવી શકે તેમ છે. જેઓ દુનિયાના વ્યવહારમાં ઓતપ્રોત થઇ લપટાઈ ગયેલા હોય છે, તેઓને આવી યોજનાઓમાં આત્મધન કેટલું લુંટાઇ જાય છે તેનો ખ્યાલ આવતો નથી, પણ શાંતચિત્તે એકાંત જગોએ બેસી આત્મિક સૃષ્ટિપર વિચાર કરનારને આ વિષયની મહત્વતા અને નાના મોટા કોઇ પણ દાંભિક કાર્ય કે વર્તનથી આત્માને થતી મહા હાનિનો ખ્યાલ તુરત આવી જાય તેમ છે. એક રાજદ્વારી માણસનો દાખલો લો. એક નાના રાજ્યમાં પણ તેને કેટલી કુટનીતિનો આશ્રય કરવો પડે છે, તેનો ખ્યાલ અનુભવથીજ આવે તેમ છે. પોતે કયા પક્ષનો આશ્રય કરે છે તે જણાવા દેવું નહીં, સામા પક્ષ સાથે મળે ત્યારે હસીને વાતચીત કરવી, તેના પક્ષના કયા કયા માણસો છે તેની નોંધ રાખવી, તેઓ તેને ક્યારે મળે છે તેની યાદી રાખવી, તેઓ જ્યારે જ્યારે મળે ત્યારે તેની પાસે પોતાના સંબંધમાં બીજા લોકો શું વાતો કરી ગયા તેની બાતમી મેળવવી, તે બાતમી મેળવવા માટે સામા પક્ષના ઘરનાજ માણસોને ફોડવા વિગેરે અનુભવથી જોવાય તેવું છે, અને સામાન્ય ખ્યાલ સરસ્વતીચંદ્રના પ્રથમ ભાગમાં આપ્યો છે, જે વાંચવાથી જણાય તેવું છે. આવી રીતે કપટયુક્ત વર્તન કરીને જાળવી રાખેલી સત્તા પણ મહારાજાની વિપરીત દૃષ્ટિ કારણે કે અકારણે થતાં ખસી જાય છે, ચાલી જાય છે અને તે સત્તા હોય તે દરમ્યાન પણ ઉઘાડા પડવાનો ચાલુ ભય મુત્સદીને રહે છે. આ સર્વ કુટનીતિ આશ્રય કરનારના સંબંધમાંજ સમજવું. રાજ્યદ્વારી જીંદગી કપટવર્તન વગર નજ ચલાવી શકાય એવું કાંઇ નથી, અને એના પ્રત્યક્ષ દાખલા હાલમાંજ આપણાં સ્ટેટમાં જોઈ શકાય છે. આવીજ રીતે એક વ્યાપારી વેપાર કરવામાં, સોદા કરવામાં, ભાવ બતાવવામાં, બજારની સ્થિતિ પર રૂખ આપવામાં જો અંતરંગમાં હોય તેથી ઉલટી અથવા જુદી વાત જાણી જોઇને કહે છે તો તેને અંતરંગ ડંસ એવો સખત થાય છે, અને ત્યાર પછી પોતાની માંડેલી બાજી ઉઘાડી પડી જવાનો ભય એટલો સખત રહે છે કે તે સંબંધમાં તે નિરંતર ચિંતાતુર સ્થિતિમાંજ રહ્યા કરે છે. માયા કરવાનાં કારણો અને કરનારની સ્થિતિ આ પ્રમાણે હોયછે. હવે માયાનું સ્વરૂપ, પરિણામો, માયા કરવાના વિષયો પૈકી વ્યવહાર, જ્ઞાતિસમુદાય, ધર્મ, અધ્યાત્મ વિગેરેનો પરસ્પર સંબંધ અને તેઓનો આત્મિક અવનતિમાં ભાગ આપણે જોઇએ. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हिर प्रश्नमांथी केटलाएक प्रश्नोत्तर.

( અનુસંધાન પૃષ્ઠ ૨૮૮ થી ).

પ્રશ્ન—જેના ઘરમાં પુત્ર કે પુત્રીનો જન્મ થયો હોય તેના ઘરના માણસો ખરતર પક્ષમાં પોતાના ઘરના પાણીથી દેવપૂજા કરતા નથી, અને તેના મુનિઓ પણ તેને ઘરે દશ દિવસ પર્યંત વહોરતા નથી, તો તેવા અક્ષરો કયાં છે? અને આપણા પક્ષમાં તેને આશ્રીને શો વિધિ છે?

ઉત્તર—જેના ઘરે પુત્ર કે પુત્રીનો પ્રસવ થયો હોય તેના ઘરના પાણીથી દેવપૂજા ન સુઝે એવા અક્ષરો શાસ્ત્રમાં જોવામાં આવ્યા નથી, અને તેને ઘરે વહોરવા સંબંધી તો જે દેશમાં જેવો લોકવ્યવહાર હોય તેને અનુસરીને યતિઓએ વર્તવું યોગ્ય છે. દશ દિવસનો નિર્ણય શાસ્ત્રમાં જાણવામાં આવ્યો નથી.

પ્રશ્ન—પાક્ષિક પ્રતિક્રમણમાં ગીતાર્થને ખમાવવાને અવસરે તેઓ **नित्थार पारगाहोह** એમ કહે છે, તે વખતે શ્રાવકાદિકે પણ તેજ બોલવું કે **इच्छामो अणुसहिं** એમ બોલવું?

ઉત્તર—શ્રાવકાદિકે **इच्छामो अणुसहिं** જ કહેવું.

પ્રશ્ન—પાક્ષિક પ્રતિક્રમણમાં પ્રાંતે ગીતાર્થ જેને શાંતિ બોલવાનો આદેશ આપે તે ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરીને પ્રકટ એક લોગસ્સ કહીને શાંતિ કહે છે અને પછી પૌષધ પારે છે, તેમાં કેટલાએક કહે છે કે શાંતિ કહ્યા પછી પંદર લોગસ્સનો કાઉસગ્ગ કરી એક લોગસ્સ પ્રકટ કહીને પછી પોષધ પારે, આ વાત બરાબર છે?

ઉત્તર—પંદર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવાનું કારણ કાંઈ જાણવામાં નથી.

પ્રશ્ન—શ્રી મહાવીર સ્વામીના નિર્વાણસમયે અમાવાસ્યા તિથિ અને સ્વાતિ નક્ષત્ર હતું, દિવાળી સંબંધી ગુણણું ગણવાને વખતે કોઈ વર્ષમાં તે બંને ભેળાં હોય છે, ને કોઈ વર્ષે હોતાં નથી, તેથી કેટલાએક કહે છે કે જ્યારે અમાવાસ્યા ને સ્વાતિનો યોગ હોય ત્યારેજ ગુણણું ગણવું અને કેટલાએક કહે છે કે જે દિવસે લોકો મેરાઇયા કરે તે દિવસે ગણવું. હવે મેરાઇયા કરવામાં પણ બે પ્રકાર છે. આ દેશમાં જે ગુર્જ્જર લોકો છે તે પાખીને દિવસે તે કરે છે, અને આ દેશવાળા બીજે દિવસે કરે છે, તો શું પોતપોતાના દેશને અનુસારે મેરાઇયા કરે ત્યારે ગુણણું ગણવું કે ગુર્જ્જર દેશને અનુસારે મેરાઇયા કરે ત્યારે ગણવું?

ઉત્તર—દિવાળી સંબંધી ગુણણું પોતપોતાના દેશવાળા જે દિવસે દિવાળી કરે તે દિવસે ગણવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન—જિનમંદિરમાં પ્રતિમાને સ્નપન થતું હોય ત્યારે જે શ્રાવકો અને યતિઓ ચૈત્યવંદન કરતા નથી તે એમ કહે છે કે અત્યારે અવસ્થા ભેદ છે, તેથી ચૈત્યવંદન કરવું યોગ્ય નથી. બીજાઓ કહે છે કે ભગવંતને વળી અવસ્થા શું ? માટે જ્યારે ચૈત્યમાં જઈએ ત્યારે ચૈત્યવંદન કરવું. આ બેમાં પ્રમાણવાળી હકીકત કઇ છે ?

ઉત્તર—જિનમંદિરમાં સ્નપન કરવાને અવસરે ચૈત્યવંદન કરવાનો નિષેધ જાણ્યો નથી.

પ્રશ્ન—પૌષધ કરનારા જ્યારે દેવગૃહમાં દેવ વાંદે ત્યારે ઇર્યાવહી પડિકમવાને અવસરે ઉત્તરાસંગ કરવું જોઇએ કે નહીં ?

ઉત્તર—જ્યારે પોષધ કરનારા દેવગૃહમાં દેવ વાંદે ત્યારે ઇર્યાવહી પડિકમવાને અવસરે ઉત્તરાસંગ કરતા હોય એમ દેખાતું નથી, અને વૃદ્ધોને પણ એમ કહેતા સાંભળ્યા છે કે ઇર્યાવહી પડિકમવા તે દેવવંદનની ક્રિયામાં નથી, તેથી દેવવંદન કરવામાં પણ જોકે અન્યદા તો દેવગૃહમાં અવસ્થિત સતે ઉત્તરાસંગ કરેલું હોવું જોઇએ; પરંતુ ક્રિયા તો ક્રિયાની વિધિ પ્રમાણેજ થાય.

પ્રશ્ન—સવારના પ્રતિક્રમણમાં પ્રથમ કુસુમિણ દુસુમિણ ઓહડાવણિય કાઉસ્સગ્ગ ચાર લોગસ્સ પ્રમાણ કરે છે, તે લોગસ્સ **चंदेसु निम्मलयरा** સુધી ગણવા કે **सागरवरगंभीरा** સુધી ગણવા ?

ઉત્તર—સામાન્યે તો **चंदेसु निम्मलयरा** સુધી ગણવા, પણ જો સ્વપ્નમાં ચોથા વ્રત સંબંધી અતિચાર લાગ્યો હોય તો એક નવકાર વધારે ચિંતવે.

પ્રશ્ન—પ્રભાતના પ્રતિક્રમણમાં કુસુમિણ દુસુમિણનો કાઉસ્સગ્ગ કરી, ચૈત્યવંદન કરી, ચાર ખમાસમણ દે છે અને પછી સઝાય કરે છે; તે પ્રમાણે કરવું ઠીક છે કે સઝાય કરીને ચાર ખમાસણ દેવા ઠીક છે ?

ઉત્તર—ચાર ખમાસમણ દઈ, બે ખમાસમણવડે સ્વાધ્યાય કરીને પ્રતિક્રમણ કરે છે. શ્રી સોમસુંદરસૂરિકૃત સામાચારીમાં પણ કહ્યું છે કે **इरिया कुसुमिणुस्सग्गो, जिणमुणिवंदण तहेव सज्झाउ । सव्वस्सवि सक्कथउ, तिन्निय उस्सग्ग कायव्वा ॥१॥** તથા શ્રી વિજયદાનસૂરિ પણ એ પ્રમાણેજ કરતા હતા, અને તેમની શિક્ષા અનુસાર અમે પણ તેમજ કરીએ છીએ. સ્વાધ્યાય કર્યા પછી ચાર ખમાસણ દેવા, એવી વિધિ પણ કોઈક ગ્રંથમાં વર્તે છે તેનો પ્રતિષેધ પણ જાણ્યો નથી, પરંતુ અમે તો જેમ વૃદ્ધો કરતા હતા તેમ અત્યારે કરીએ છીએ.

પ્રશ્ન—ઉષ્ણ કાળાદિકમાં ઉષ્ણ કરેલું અથવા બીજું પ્રાસુક પાણી પાંચ પ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરાદિ કાળ સુધી અચિત્ત ને ત્યાર પછી સચિત્ત થાય છે એવા અક્ષરો કયાં છે? અને તે પાણીમાં જ્યાંસુધી ત્રસ જીવોની ઉત્પત્તિ થઇ ન હોય ત્યાંસુધી ગળ્યા વિના પીવું કલ્પે કે નહીં ?

ઉત્તર—ઉષ્ણ ને પ્રાસુક પાણીનું કાળમાન પ્રવચનસારોદ્ધારની વૃત્તિમાં કહેલું છે, અને તેમાં ત્રસ જીવોત્પત્તિ થાઓ કે ન થાઓ પણ ગળીનેજ વાપરવું, અણગળ ન વાપરવું એવી પરંપરા દેખાય છે.

પ્રશ્ન—પાંચમનો ક્ષય હોય તો તે તિથિ સંબંધી તપ કઇ તિથિએ કરવો, અને પૂર્ણિમાનો ક્ષય હોય તો તે તિથિ સંબંધી તપ કયારે કરવો ?

ઉત્તર—પંચમી ત્રુટિત હોય ત્યારે તેનો તપ પાછલી તિથિએ કરવો, અને પૂર્ણિમા ત્રુટિત હોય ત્યારે તેરશ ચૌદશે તે તપ કરવો, પણ જો તેરશે કરવો ભૂલી જવાય તો પ્રતિપદાએ પણ કરવો.

પ્રશ્ન—અક્ષમાળાદિકની સ્થાપના નવકારવડે કરાય છે, તેની ઉપર ઉદ્યોત હોય ત્યારે તો દૃષ્ટિ રાખવી સુકર છે પણ અંધકારમાં કેમ થાય ? તેથી દૃષ્ટિ ન રહે તો પણ તેની સ્થાપના કરવી તો સુઝે કે નહીં ?

ઉત્તર—અક્ષમાળા ( નવકારવાળી ) પુસ્તકાદિક સ્થાપના નવકારવડે સ્થપાય છે, તે સ્થાપના કર્યા પછી ક્રિયા કરાય છે. તેમાં જ્યાંસુધી ઉદ્યોત હોય ત્યાંસુધી તો યથાશકિત દૃષ્ટિ ને ઉપયોગ રાખવો. અંધકાર થાય ત્યારે દૃષ્ટિ ને ઉપયોગમાં અંતર પડયે સતે ફરીને સ્થાપના કરીને તેની પાસે ક્રિયા કરવી. કારણકે સ્થાપના બે પ્રકારની છે. ઇત્વરા ને યાવત્કથિકા–તેમાં ઇત્વરા અક્ષમાળાદિકની કે જે નવકારવડે પોતાથીજ સ્થપાય છે. તે દૃષ્ટિ ને ઉપયોગ છતાંજ રહે છે. દૃષ્ટિ ને ઉપયોગ ચલિત થાય તો નવકારવડે ફરીને સ્થાપવી પડે છે, અને યાવત્કથિકા તે અક્ષ (સ્થાપનાચાર્ય) અને પ્રતિમાદિક કે જેની ગુરૂમહારાજ પાસે પ્રતિષ્ઠા કરાવવી પડે છે તેને વારંવાર સ્થાપવી પડતી નથી.

પ્રશ્ન—ઉપધાનમાં માળા પહેર્યા પછી પ્રવેદન (પવેણું ) કરે કે નહીં ?

ઉત્તર—માળા પહેર્યા પછી પ્રવેદન કરવાનો નિયમ જાણ્યો નથી.

પ્રશ્ન—નંદિ માંડવાના અક્ષરો કયા સિદ્ધાંતમાં વર્તે છે ?

ઉત્તર—નંદિ માંડવાના અક્ષરો અનુયોગદ્વારવૃત્તિ, સામાચારી પ્રમુખ ગ્રંથોમાં વર્તે છે, તથા પરંપરાથી પણ નંદિ મંડાતી આવે છે.

પ્રશ્ન—પૌષધમાં સામાયિકના બત્રીશ દોષ લાગે કે નહીં ?

ઉત્તર—પૌષધમાં સામાયિકના બત્રીશ દોષ લાગે એમ જણાય છે પણ તે ઉત્સર્ગે ન લગાડવા, અને કારણે જો લાગે તો તેની આલોચના પ્રતિક્રમણ કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન—પૌષધમાં શકલાત ( બનાત )નું સંથારીયું વાપરવું કલ્પે કે નહીં ? તંબોલ ખાવું કલ્પે કે નહીં? અને જમવાનાં ઉપકરણો શી રીતે ગ્રહણ કરી શકાય, અર્થાત્ મોકળા ( છુટા ) માણસે લાવેલી વસ્તુ કલ્પે કે નહીં ?

ઉત્તર—પૌષધમાં શકલાતનું સંથારીયું વાપરવું કલ્પે. તંબોલમાં લવંગ કાષ્ઠિકાદિ કારણે ખાવું કલ્પે; અને છુટા માણસે લાવેલાં ઉપકરણોની શુદ્ધમાનતાને માટે નિષેધ જાણ્યો નથી.

પ્રશ્ન—દેવતા જ્યારે પોતાના કે બીજા દેવલોકમાં જાય ત્યારે ત્યાં રહેલા ચૈત્યોને વાંદે કે નહીં ?

ઉત્તર—એ સંબંધમાં નિષેધ જાણ્યો નથી.

પ્રશ્ન—જેમ જંબૂદ્વીપના મેરૂની ફરતા ૧૧૨૧ યોજન મુકીને જ્યોતિશ્ચક્ર ભમે છે, તેમ બીજા દ્વીપમાં મેરૂથી કેટલું છેટું રહીને ભમે છે?

ઉત્તર—બીજા દ્વીપમાં પણ તેટલુંજ છેટે રહીને જ્યોતિશ્ચક્ર ભમતું હશે એમ સંભવે છે. તે સંબંધી શાસ્ત્રાક્ષર વ્યક્તપણે દીઠા સાંભરતા નથી.

પ્રશ્ન—કાયોત્સર્ગમાં અને વાંદણા દેવાને અવસરે સ્થાપનાચાર્યનું ચાલન સુઝે કે નહીં?

ઉત્તર—ન સુઝે એમ એકાંત જાણવામાં નથી.

પ્રશ્ન—કોઇ અન્ય મતવાળા ઉપવાસાદિપ્રત્યાખ્યાન કરે તો તેમાં पाणस्सના આગાર બોલવા આશ્રી શું કરવું? કેમકે તેઓ કસેલ્લકાદિ પાણી પીએ તો તે આગાર કેમ પળી શકે?

ઉત્તર—મતાંતરીયને પ્રત્યાખ્યાન આપવામાં પણ पाणस्सના આગાર બોલવા. તે કદિ કસેલ્લકાદિ પાણી પીએ તોપણ પ્રત્યાખ્યાનનો ભંગ જાણવામાં નથી. કેમકે કસેલ્લક નાખવાથી પણ પાણી પ્રાસુક થાય છે, પણ આપણામાં તેની આચરણા ન હોવાથી તે લેવાતું નથી.

પ્રશ્ન—હમણાં કરાતી સ્નાત્રાદિ વિધિ કોણે કરી છે, અથવા કયા ગ્રંથમાં વર્તે છે?

ઉત્તર—હમણાં કરાતી સ્નાત્રાદિ વિધિ કેટલીક પરંપરાથીજ થાય છે, અને કેટલીક શ્રાદ્ધવિધિમાં કહેલી છે.

પ્રશ્ન—કેવળી કેવલિ સમુદ્ઘાત કરે ત્યારે આત્મ પ્રદેશવડે ત્રસનાડીજ પૂરે કે સંપૂર્ણ લોક પૂરે?

ઉત્તર—સંપૂર્ણ લોક પૂરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન—ચોવીશ વટ્ટામાં અને પંચતીર્થી પ્રતિમાદિકમાં ઋષભાદિ તીર્થંકરો કયા અનુક્રમે ગણવા?

ઉત્તર—અમુક અનુક્રમથી ગણવા એવો એકાંત જાણવામાં નથી.

પ્રશ્ન—સૂત્રધાર (સુતાર કે સલાટ) સંબંધી ગજના પ્રસિદ્ધ માન પ્રમાણે જમીનથી દોઢ હાથ ઉંચું ઘર દેરાસરમાં પ્રભુનું આસન કરવું એમ કહ્યું છે તો ઉત્કૃષ્ટ કાળમાં આત્માંગુળની વૃદ્ધિ હાનિ થાય ત્યારે તે કેવી રીતે ઘટે?

ઉત્તર—તે ગજનું માન પણ આત્માંગુળ પ્રમાણે નાનું મોટું સમજવું, જેથી તેમાં અઘટમાનપણું રહેશે નહીં.

પ્રશ્ન—ઉપધાન એકાંતર ઉપવાસ કરીને વહેવામાં આવે છે, તેની વિધિ કયા શાસ્ત્રમાં છે અને કોણે કહેલી છે?

ઉત્તર—ઉપધાનવિધિ મહાનિશીથસૂત્ર તથા સામાચારી પ્રમુખ ગ્રંથોને અનુસારે તેમજ પરંપરાને અનુસારે જાણવી.

પ્રશ્ન—લોકપ્રસિદ્ધ કયરીપાક તથા લીલા શાકના અવયવોથી ઉત્પન્ન થયેલા આસવો તેના પ્રત્યાખ્યાનવાળાને કલ્પે કે નહીં?

ઉત્તર—કલ્પે એવી પ્રવૃત્તિ દેખાય છે.

પ્રશ્ન—શ્રી પાર્શ્વનાથનું જન્મકલ્યાણક પોષદશમીની રાત્રે છે, તો તે રાત્રિ નવમી દશમીના આંતરાવાળી સમજવી કે દશમી એકાદશીના આંતરાવાળી સમજવી? અને જો દશમી એકાદશીના આંતરાવાળી હોય તો તેનું સ્નાત્ર દશમીએ ભણાવવું કે એકાદશીએ ભણાવવું?

ઉત્તર—પાર્શ્વનાથનું જન્મકલ્યાણક દશમીની રાત્રે છે, તેથી સ્નાત્ર દશમીના દિવસેજ કરવું.

પ્રશ્ન—પ્રતિક્રમણમાં દેવસીય આલોઉં કહ્યા પછી સાધુ नाणे कमणे चंक मणि કહે, ત્યાર પછી પૌષધવાળા ગમનાગમન આળોવવાનો આદેશ માગે છે: તે બાબતમાં કેટલાક કહે છે કે આદેશ ન માગવો. કેટલાક કહે છે કે સો હાથથી બહાર જવું પડ્યું હોય તો ગમનાગમનેનો આદેશ માગવો—આ બાબતમાં જે ઉચિત હોય તે જણાવવા કૃપા કરશો.

ઉત્તર—ગમનાગમનેનો આદેશ માગવો એ યોગ્ય જણાય છે, તથા સ્થંડિલાદિ કાર્યે બહાર જઇને આવ્યા પછી તરતજ ગમનાગમન આળોવવું એ યુક્ત જણાયછે.

પ્રશ્ન—પૌષધ ઉચર્યા પછી કયો સાવદ્ય વ્યાપાર રહ્યા છે કે જેને માટે સામાયિક ઉચ્ચરવું? અને પૌષધમાં દેશાવકાશિક શામાટે ન ઉચ્ચરવું? તેમજ સામાયિક કર્યું હોય તો દેશાવકાશિક શામાટે ઉચ્ચરવું? તેના પ્રયોજન જણાવશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર—પૌષધ ઉચ્ચર્યા પછી જે સામાયિક ઉચરવું તે સહજે પ્રાપ્ત થયેલા નવમા વ્રતના આરાધન માટે સમજવું, અને પૌષધ કરનારનું જવું આવવું નિરવદ્યપણેજ હોય છે, તેથી તેમાં દેશાવકાશિક ઉચ્ચરવાની જરૂર નથી. સામાયિકમાં દેશાવકાશિક ઉચ્ચરવાનું કારણ બે ઘડી પ્રમાણ સામાયિક પાર્યા પછી પણ દિશાઓની વિરતિ કરવા માટે સમજવું.**

પ્રશ્ન—દ્વિદળને આશ્રીને કેટલાક એમ કહે છે કે દ્વિદળ, તક્ર ને મુખ એ ત્રણના સંયોગે તેમાં જીવ ઉપજે છે, કેટલાક કહે છે કે દ્વિદળ ને તક્રના સંયોગેજ જીવ ઉપજે છે; એમાં જે વાત શાસ્ત્રાનુસારી હોય તે જણાવશો.

ઉત્તર—દ્વિદળ અને અપક્વ દુધ દહીં તથા છાશના સંયોગે જીવો ઉપજે છે એમ જાણવામાં છે. શાસ્ત્રાનુસારે પણ મુખનો સંયોગ થાય ત્યારે તેમાં જીવ ઉપજે છે એમ જાણ્યું નથી.

પ્રશ્ન—સાધારણ જિનચૈત્યનેમાટે પ્રતિમા કરાવતાં કે લાવતાં ગામને નામે પ્રતિમા જોઈએ કે સંઘની રાશિને નામે જોઈએ ? જો સંઘની રાશિને નામે જોઇએ તો સર્વ ગામના સંઘની તો એકજ રાશિ આવે ત્યારે તો પછી જુદી જુદી પ્રતિમાનો ખપજ ન પડે, માટે એ બાબતમાં જે યુક્ત હોય તે બતાવશો.

ઉત્તર—સાધારણ પ્રાસાદમાં ગામને નામે પ્રતિમા જોઇએ એ વાત યુક્ત જણાય છે.

પ્રશ્ન—છઠ્ઠા વ્રતના સંક્ષેપ રૂપ દરરોજ દિગ્ગમનવિરતિ કરવામાં આવે છે તે તો દેશાવકાશિક નામના દશમા વ્રતમાં છે, અને ચૌદ નિયમ તો સાતમા વ્રતમાં છે તો દેશાવકાશિકનું પચ્ચખ્ખાણ કરવાથી તે કેમ ઉચ્ચારાય ?

ઉત્તર—દેશાવકાશિક બે પ્રકારે છે. એક છઠ્ઠા વ્રતના સંક્ષેપરૂપ પ્રતિદિન કરવાની દિગ્વિરતિરૂપ છે, અને બીજું સર્વ વ્રતના સંક્ષેપરૂપ કરાય છે, તેથી તેમાં કાંઈ વિપ્રતિપ્રત્તિ નથી.

પ્રશ્ન—ઉપધાનવાચના નમસ્કાર વિના દેવી કે નમસ્કાર પૂર્વક દેવી ?

ઉત્તર— ઉપધાનવાચના શ્રી વિજયદાનસૂરિ નમસ્કાર વિના દેતા હતા અને અમે પણ તેજ પ્રમાણે દઇએ છીએ.

પ્રશ્ન—ઉપધાનવાચના પારણાને દિવસે દેવાય કે નહીં ? અને પ્રાતઃકાળેજ દેવાય કે સંધ્યાએ પણ દેવાય ?

ઉત્તર--ઉપધાનવાચના તપને દિવસે અને પારણાને દિવસે–બંને દિવસ દેવાય અને આંબેલ એકાસણું કર્યા પછી સાંજે પણ દેવી સુઝે, પણ પ્રતિદિન કરાતી સંધ્યાસમયની ક્રિયા ત્યાર પછી કરાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન--ચોમાસામાં માળારોપણ સંબંધી નંદિ ક્યારથી કરાય ?

ઉત્તર—માળારોપણ અને ચોથા વ્રત સંબંધી નંદિ તો વિજય દશમી પછી મંડાય અને બાર વ્રત સંબંધી નંદિ તો ત્યાર અગાઉ પણ મંડાતી જણાય છે.

પ્રશ્ન--ઉપધાનમાં લીલું શાક ખવાય કે નહીં ? અને વિલેપન તથા માથામાં તેલ નાખવું વિગેરે કલ્પે કે નહીં ?

ઉત્તર—સાંપ્રત લીલું શાક ખાવાની રીતિ નથી; અને વિલેપન તથા માથામાં તેલ નાખવું વિગેરે મુનિની જેમ પોતે ન વાંછે, બીજું કોઇ ભક્તિ કરે તો તેનો નિષેધ નથી.

# श्रीपाळ राजाना रास उपरथी नीकळतो सार.

[અનુસંધાન પૃષ્ઠ ૨૯૮ થી]

મયણાસુંદરીની પ્રેરણાથી શ્રીપાળ રાજાએ નવ પદનું આરાધન વિસ્તારપૂર્વક કરવા માંડ્યું. તેમાં પ્રથમ અરિહંતપદની ભકિત નિમિત્તે નવ દેરાસર નવા બાવન જિનાલયવાળાં કરાવ્યાં, નવ જિનપ્રતિમા ભરાવી, નવ જીર્ણોદ્ધાર કરાવ્યા અને નાના પ્રકારે જિનેશ્વરની પૂજા ભક્તિ કરી.

સિદ્ધપદના આરાધનમાં સિદ્ધની પ્રતિમાની ત્રણ કાળ પૂજાપ્રણામાદિવડે ભકિત કરી અને તન્મય ધ્યાનવડે તેનું આરાધન કર્યું.

આચાર્યપદના આરાધનમાં આચાર્યનો આદર, તેમને ભકિત રાગ પૂર્વક દ્વાદશાવર્ત્તાદિ વંદન, વૈયાવચ્ચ, સુશ્રુષા, પર્યુપાસના, સેવના, અશનાદિ આહાર વસ્ત્ર પાત્ર તથા વસ્તી વિગેરે આપવું---ઇત્યાદિવડે આરાધન કર્યું.

ઉપાધ્યાયપદના આરાધનમાં અધ્યાપકને તેમજ ભણનારને યથાયોગ્ય અશનાદિ આપવું, વસ્ત્રાદિ આપવું, આસન આપવું, સ્થાનકની જોગવાઇ કરી આપવી—ઇત્યાદિવડે બાહ્ય ઉપચારથી ( દ્રવ્યથી ) તેમજ ભાવ તે મનની એકાગ્રતાથી ભક્તિ કરી.

મુનિપદના આરાધનમાં મુનિરાજને નમન વંદન કરવું, અભિગમન તે સામા જવું, વસ્તી આપવી, અશનાદિ આપવું, અને વૈયાવચ્ચ કરવી—ઇત્યાદિવડે તે પદનું આરાધન કર્યું.

દર્શનપદના આરાધનમાં અનેક તીર્થોની ભકિત યુકત ચિત્તે યાત્રા કરવી, ત્યાં સ્નાત્રપૂજા મહોત્સવાદિ કરવા, સંઘપૂજા સ્વામીવાત્સલ્યાદિ કરવું, અને પ્રભુના કલ્યાણકાદિ દિવસોએ મોટા આડંબરથી રથયાત્રા કરવી તેમજ દૃઢ ચિત્તથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે જે પ્રકારે શાસનની ઉન્નતિ થાય તેવાં કાર્ય કરવાં—ઇત્યાદિવડે એ પદનું આરાધન કર્યું.

જ્ઞાનપદના આરાધનમાં સિદ્ધાંતાદિ લખાવવા, લખાવીને તેની ફળાદિવડે પૂજા કરવી, જ્ઞાનનાં ઉપગરણો વસાવવાં, જ્ઞાનનો અભ્યાસ કરવો ને કરાવવો તેમજ સઝાય ધ્યાન કરવું—ઇત્યાદિવડે તે પદ આરાધ્યું.

ચારિત્રપદના આરાધનમાં વ્રતનિયમાદિ જે લીધેલા હોય તે દઢપણે પાળવા, બીજા યથાશક્તિ બાર વ્રતાદિ ગ્રહણ કરવાં, નિરંતર મુનિધર્મની ઇચ્છા કર્યા કરવી, વિરતિવંત શ્રાવક, શ્રાવિકાદિની ભક્તિ કરવી, મુનિમહારાજની પણ દ્રવ્યથી ને ભાવથી ભક્તિ કરવી,એકાંતે યતિધર્મના રાગી થવું-ઇત્યાદિવડે તે પદનું આરાધન કર્યું.

તપપદના આરાધનમાં આલોક તથા પરલોક સંબંધી કોઇ પણ પ્રકારના સુખની ઇચ્છા વિના, સર્વ પ્રકારે અપ્રતિબદ્ધપણે, છ બાહ્ય ને છ અભ્યંતર—એમ બાર પ્રકારનો તપ આચરી એ પદને આરાધ્યું.

આ પ્રમાણે નવે પદની દ્રવ્યભાવથી બહુ રૂડે પ્રકારે શ્રીપાળ રાજાએ ભક્તિ કરી. અનુક્રમે વૃદ્ધિ પામતા ભાવવડે સિદ્ધચક્ર મહારાજનું આરાધન કરતાં સાડા ચાર વર્ષ વ્યતીત થયાં; એટલે તપ પૂરો થવાથી અત્યંત હર્ષવડે તેનું ઉજમણું કરવાનો નિર્ધાર કર્યો.

દિન પર દિન હર્ષની વૃદ્ધિ થવાથી તે હર્ષને સફળ કરવા માટે અને તપના ફળમાં વૃદ્ધિ થવા માટે તેમણે તો અપ્રતિમ ઉજમણું કર્યું કે જેનું વર્ણન પણ કરી શકાય નહીં, પરંતુ તેનું કાંઇક દિગ્દર્શન કરાવવા માટે પ્રથમ ઉજમણા નિમિત્તે શાં શાં કાર્ય કરવાં ને શી શી વસ્તુઓ એકત્ર કરવી, તે આ નીચે બતાવવામાં આવ્યું છે—

નવ દેરાસર નવાં કરાવવાં, નવ જીર્ણ પ્રાસાદોના ઉદ્ધાર કરાવવા અને નવ નવાં જિનબિંબ ભરાવવાં.

૯ સિંહાસન, ૯ બાજોઠના ત્રિક, ૯ કળશ, ૯ થાળ, ૯ રકેબી, ૯ વાટકા, ૯ વાટકી, ૯ ત્રાંબાકુંડી, ૯ હાંડા, ૯ કળશા, ૯ ટબુડી, ૯ આચમની, ૯ અષ્ટમંગળિક, ૯ આરતિ, ૯ મંગળદીવા, ૯ ધૂપધાણા, ૯ ઓરશીઆ, ૯ સુખડના કકડા, ૯ કેશરના પડીકા, ૯ ધૂપના પડીકા, ૯ વાળાકુંચી, ૯ અંગલુણા, ૯ ધોતીયાં, ૯ મુખકોશ, ૯ નવકારવાળી, ૯ સ્થાપના, ૯ ચંદુઆ, ૯ પુંઠીઆ, ૯ તોરણ, ૯ વાસકુંપી, ૯ કેશરના ડાબલા, ૯ કાંબળી, ૯ પછેડી, ૯ છત્ર, ૯ ચામર, ૯ દર્પણ, ૯ મોરપીંછી, ૯ પુંજણી, ૯ દીવી, ૯ ધ્વજા, ૯ ઘંટ, ૯ ઝાલર, ૯ ડંડાસણ, ૯ સ્થાપનાનાં ઉપગરણ ઇત્યાદિ દર્શનનાં ઉપગરણો—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯ પુસ્તક, ૯ ઠવણી. ૯ પાઠાં, ૯ પાટલી, ૯ કવળી, ૯ નવકારવાળી, ૯ સ પડા, ૯ સાપડી, ૯ લેખણુ, ૯ ચાકુ, ૯ કાતર, ૯ ડાબલા, ૯ ડાબલી, ૯ ખડીઆ ૯ હીંગળોના ઠામ, ૯ ઓળીઆ, ૯ પાટી, ૯ ડાબલા પુસ્તક ભરવાના, ૯ દોરા, ચાબખી, ૯ વતરણા, ૯ કાંબી, ૯ કાગળ, ૯ વાસના વાટવા ઇત્યાદિ જ્ઞાનનાં ઉ ગરણો—

૯ પાત્રા, ૯ ઝોળી, ૯ પડલા, ૯ ચોળપટ્ટા, ૯ કપડાં, ૯ કાંબળી, ૯ ડાંડ ૯ ઓઘા, ૯ મુહપત્તિ, ૯ તરપણી ઇત્યાદિ ચારિત્રનાં ઉપગરણો.

ઉપર પ્રમાણેનાં ઉપગરણો ઉજમણા નિમિત્ત એકત્ર કરવાં. પછી સુશોભિ મંડપ રચી તેના મધ્યમાં નવપદનું મંડળ પૂરવું તે આ પ્રમાણે—

મધ્યમાં એક આઠ ખુણાવાળું નવ પાંખડીનું કમળ રચવું. તેના મધ્ય શ્વેત ધાન્ય (અક્ષત)મયી **અરિહંત** પદ સ્થાપવું, પૂર્વ દિશાએ રક્ત ધાન્ય (ઘ ઘુમ)મયી **સિદ્ધ**પદ સ્થાપવું, દક્ષિણે પીત ધાન્ય (ચણા)મયી **આચાર્ય**પદ સ્થા પવું, પશ્ચિમે નીલ ધાન્ય (મગ)મયી **ઉપાધ્યાય**પદ સ્થાપવું, ઉત્તરે કૃષ્ણ ધા (અડદ)મયી **સાધુ**પદ સ્થાપવું, ચાર વિ દિશાએ શ્વેત ધાન્ય (અક્ષત)મયી **દર્શ જ્ઞાન, ચારિત્ર** ને **તપ** એ ચાર પદ સ્થાપવાં. તેમાં સિદ્ધ ને આચાર્યની વચ્ચે ર્શનપદ, આચાર્ય ને ઉપાધ્યાય વચ્ચે જ્ઞાનપદ, ઉપાધ્યાય ને સાધુ વચ્ચે ચારિત્ર અને સાધુ તથા સિદ્ધ વચ્ચે તપપદ સ્થાપવું.

પછી આ કમળની ફરતી પુણ્યરૂપી ત્રણ વેદિકા કરવી. તેમાં પહેલી રત્ન ચક રક્ત ધાન્યમયી, બીજી સુવર્ણસૂચક પીત ધાન્યમયી અને ત્રીજી રૌપ્યસ શ્વેત ધાન્યમયી કરવી. તેમાં પહેલી વેદિકાને મણિશ્રેણિસૂચક પંચવર્ણ ધાન કાંગરા, બીજી વેદિકાને રત્નસૂચક રક્તવર્ણ ધાન્યના કાંગરા અને ત્રીજી વેદિકાને વર્ણસૂચક પીતવર્ણ ધાન્યના કાંગરા કરવા.

ત્યાર બાદ આ મંડળને તેમજ મંડપને અનેક પ્રકારે સુશોભિત કરવો, પતાકાદિવડે શણગારવો અને જોનારાના ચિત્તને આહ્લાદ ઉત્પન્ન કરે તેવું બના

શ્રીપાળ રાજાએ પાંચે પ્રકારના વર્ણવાળા ઉત્તમ ધાન્ય મંગાવી તેને મં પવિત્ર કરાવી ઉપર પ્રમાણે મંડળ ભરીને પછી તેની ઉપર દરેક પદના ગુણ પ્ર ગોળા વિગેરે મુક્યું તે આ પ્રમાણે—

પ્રથમ અરિહંતપદના બાર ગુણ છે, તેથી બાર શ્રીફળના ગોળા અંદર માન્ય રીતે ઘૃત ને ખાંડ ભરી શ્વેત ચંદનવડે રંગીને મુકયા, આઠ મહા પ્રા ર્યસૂચક આઠ કર્કેતન રત્ન મુકયાં અને ચોત્રીશ અતિશયસૂચક ચોત્રીશ હીરા મુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજા સિદ્ધપદના ૩૧ ગુણ છે, તેથી ૩૧ ગોળા રાતા બાવનાચંદને વિલેપિત કરીને મુકયા. તેમજ ૩૧ પ્રવાળા મુકયા, અને તેના આઠ મુખ્ય ગુણ હોવાથી આઠ માણિકય મુકયા. એ પ્રમાણે સ્થાપનાના રાગી શ્રીપાળ રાજાએ સિદ્ધપદની ભક્તિ કરી.

ત્રીજા આચાર્યપદના ૩૬ ગુણ છે, તેથી ૩૬ ગોળા ઘૃત ખાંડે ભરેલા અને પીળે રંગે રંગેલા મુકયા. તેમજ ૩૬ ગોમેદક રત્ન મુકયા, અને આચાર્ય પાંચ આચારવડે યુક્ત હોય છે, તેથી પાંચ પીળા મણિરત્ન મુકયા. એ પ્રકારે આચાર્યપદની ભક્તિ કરી.

ચોથા ઉપાધ્યાયપદના ૨૫ ગુણ છે, તેથી ઘૃતખાંડપુરિત ૨૫ ગોળા નીલવર્ણે રંગેલા મુકયા અને ૨૫ લીલા રત્ન (નીલમ) મુકયા. એ પ્રકારે ઉપાધ્યાયપદની ભક્તિ કરી.

પાંચમા સાધુપદના ૨૭ ગુણ છે, તેથી ઘૃત ખાંડથી ભરેલા ૨૭ ગોળા શ્યામ રંગે રંગીને મુકયા, અને ૨૭ અરિષ્ટ રત્ન મુકયા. તેમજ તે પાંચ મહાવ્રતના ધણી હોવાથી પાંચ રાજપટ્ટ રત્ન મુકયા. એ પ્રમાણે સાધુપદની ભક્તિ કરી.

છઠ્ઠા દર્શનપદના ૬૭ ભેદ છે, તેથી શ્વેત ચંદને રંગેલા ૬૭ ગોળા અને ૬૭ ઉજ્વળ મુક્તાફળ ( મોતી ) મુકયાં, સાતમા જ્ઞાનપદના મુખ્ય પાંચ ભેદ હોવાથી પાંચ ગોળા મુકયા અને ઉત્તર ભેદ ૫૧ હોવાથી ૫૧ મુક્તાફળ મુકયાં, આઠમા ચારિત્રપદના મુખ્ય પાંચ ભેદ હોવાથી પાંચ ગોળા મુકયા અને તેના બીજી રીતે ૭૦ ભેદ હોવાથી ૭૦ મુક્તાફળ મુકયાં, નવમા તપપદના મુખ્ય બાર ભેદ હોવાથી બાર ગોળા મુકયા અને બીજી રીતે ૫૦ ભેદ હોવાથી ૫૦ મુકતાફળ મુકયાં. એ પ્રમાણે ( દર્શનાદિ ) ચાર પદની ભક્તિ કરી.

પછી નવે પદના વર્ણને અનુસારે વસ્ત્ર, પુષ્પ, ફળાદિ મુકયાં, તે ઉપરાંત બીજોરાં, ખારેક, કેળાં, નારંગી, પુંગીફળ, દાડીમ વિગેરે અનેક જાતિનાં ફળોના નવ નવ ઢગલા કર્યા. નવ સુવર્ણના કળશ મુકયા અને નવ રત્નોના ઢગલા કર્યા.

ત્યાર પછી નવ ગ્રહ, દશ દિગ્પાળાદિની તેની સમીપે સ્થાપના કરી. તેમાં પણ તેના વર્ણાનુસાર ફળ, ફુલ, વસ્ત્ર વિગેરે મુકયાં.

આ પ્રમાણે મોટા ઉત્સાહથી અપ્રતિમ ઉજમણું કર્યું. ઉત્સવને અંતે પ્રભુના બિંબને ન્હવણ કરી ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, ફળ, નૈવેદ્યાદિવડે અષ્ટપ્રકારી પૂજા કરી, આરતિ ઉતારી, મંગળદીપક કર્યો; પછી મંગળનો અવસર થયો એટલે સર્વ સંઘે મળીને ઇંદ્રમાળ પહેરાવવા માટે કંકુનું તિલક કરી, ઉપર અક્ષત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોડી, ઘણા આનંદપૂર્વક ઇંદ્રમાળ પહેરાવી. આ શ્રીસંઘે કરેલું મંગળિક મોક્ષફળનું દેવાવાળું છે. કારણ કે શ્રી સંઘ તીર્થંકરને પણ માન્યછે.

પછી શ્રીપાળ રાજાએ ભાવભક્તિ નિમિત્તે શ્રી સિદ્ધચક્રની સ્તુતિ કરી તે આ પ્રમાણે—

**જો ધુર સિરિ અરિહંત, મુળ દઢ પીઠ પઇઠ્ઠો;**
**સિદ્ધ સુરિ ઉવઝાય, સાહુ ચિહું પાસે ગરિઠ્ઠો. ૧**
**દંસણ નાણ ચરિત્ત, તવ પડિસાહા સુંદરૂ;**
**તત્તખ્ખર સવ્વગ્ગ, લદ્ધિ ગુરૂપય દળ તુંબરૂ. ૨**
**દિસિપાળ જખ્ખ જખ્ખણી પમુહ,સુર અસુર કુસુમેહિં અલંકિયો;**
**સો સિદ્ધચક્ક ગુરૂ કપ્પતરૂ, અમ્હ મનવંછિત દિયો. ૩**

" સિદ્ધચક્રનું ચૈત્યવંદન કરતાં શ્રીપાળરાજા તેને કલ્પવૃક્ષની ઉપમા આપે છે, તે આ પ્રમાણે કે—ધુર કે૦ મધ્યમાં શ્રી અરિહંતની સ્થાપના છે તે વૃક્ષના મૂળને દઢ કરનાર પીઠિકાના પ્રતિષ્ઠાનરૂપ છે; અને સિદ્ધ, સૂરિ, ઉપાધ્યાય અને સાધુ એ ચારે પાસે ચાર ગરિષ્ટ કે૦ મ્હોટી શાખારૂપ છે; વળી દર્શન, જ્ઞાન, ચારિત્ર ને તપ એ ચાર પદરૂપ ચાર સુંદર પ્રતિશાખા છે. મોટી શાખામાંથી જે નીકળે તે પ્રતિશાખા–લઘુશાખા કહેવાય છે. વળી તત્વાક્ષર અઢાર અક્ષરરૂપ, સવ્વગ્ગ તે સ્વર અક્ષરનો વર્ગ—સમૂહ અકારાદિક, તથા લદ્ધિ તે અઠ્ઠાવીશ લબ્ધિ, ને ગુરૂપય તે ગુરૂની પાદુકા તે રૂપ પત્રનો સમૂહ છે; અને દશ દિગ્પાળ, ૨૪ યક્ષ યક્ષણી તથા પ્રમુખ શબ્દે લોકપાળ, વિમલેશ્વર દેવતા, ચક્રેશ્વરી દેવી, નવ ગ્રહ ઇત્યાદિ સુર અસુરરૂપ પુષ્પે કરી અલંકૃત છે. એવો સિદ્ધચક્રરૂપ ગુરૂ કે૦ મ્હોટો કલ્પવૃક્ષ તે અમારાં મનવાંચ્છિત પ્રત્યે આપો. અહીં વાંચ્છા મોક્ષસુખનીજ છે, તેથી તેની પ્રાર્થના છે અને સિદ્ધચક્રરૂપ કલ્પવૃક્ષ તે વાંચ્છા પૂરવા સમર્થ છે. એ પ્રમાણે અર્થઘટના સમજી લેવી. "

આ પ્રમાણે ચૈત્યવંદન કરી શક્રસ્તવ કહીને નવપદનું સ્વર પદ તથા વર્ણાદિકથી વિશાળ સ્તવન કહ્યું. ઇત્યાદિ ભાવભક્તિ કરી રહ્યા પછી અનેક પ્રકારનાં વાજીત્રો વાગતે, પ્રધાન પાત્રો નાચતે, બંદિજનો બિરૂદાવળી બોલતે અને સર્વત્ર જય જય શબ્દ થતે શ્રીપાળ રાજા પોતાના મહેલમાં આવ્યા. પછી સંઘપૂજા, સ્વામીવાત્સલ્યાદિ બહુ રૂડે પ્રકારે કર્યું.

આ પ્રમાણે પોતાની પટ્ટદેવી મયણાસુંદરી, બીજી ૮ રાણીઓ અને અન્ય પરિવાર સાથે અવિહડ રાગથી સિદ્ધચક્રની આરાધના કરતાં તેમણે ભવસમુદ્રનો તાગ લાવી દીધો, અર્થાત્ તેને પરિમિત સ્થિતિમાં લાવી મુક્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીપાળરાજાને મયણાસુંદરી વિગેરે નવ રાણીઓ સાથે સાંસારિક સુખ ભોગવતાં ત્રિભુવનપાળાદિ નવ પુત્રો નિરૂપમ ગુણના નિધાન જેવા થયા. તેમજ નવહજાર હાથી, નવ હજાર રથ, નવ લાખ ઘોડા અને નવ ક્રોડ પાયદળની સંપત્તિ પ્રાપ્ત થઇ.

એ પ્રમાણે ઉત્તમ રાજનીતિ પૂર્વક રાજ્ય પાળતાં નવસો વર્ષ વ્યતીત થયાં; પછી પોતાને સ્થાને ત્રિભુવનપાળને સ્થાપીને શ્રીપાળ રાજા નવપદની ભકિતમાં લયલીન થઇ રહ્યા.

અહીં આ પ્રકરણ સમાપ્ત થાય છે. હવે શ્રીપાળ રાજા નવપદનું સ્મરણ-તેના ગુણગ્રામ કેવી રીતે કરે છે, તે દરેક પદના પૃથક્ પૃથક્ વર્ણન સાથે કહેવામાં આવશે. આ પ્રકરણ એકાંત સાર રૂપજ છે, તેથી તેમાં વિશેષ સાર શોધવો પડે તેમ નથી;તોપણ તેમાંથી જરૂરની બે ચાર વાતો વાચકવર્ગના હૃદયમાં ખાસ કોરી રાખવા યોગ્ય છે તે ટુંકામાં બતાવવામાં આવે છે.

પ્રથમ શ્રીપાળ રાજાએ નવપદનું જે જે રીતે આરાધન કર્યું તે સંક્ષેપમાં બતાવવામાં આવ્યું છે. અરિહંતપદની ભક્તિ ૩ ભેદે, ૫ ભેદે, ૮ ભેદે, ૧૭ ભેદે, ૨૧ ભેદે, ૧૦૮ ભેદે—એમ અનેક પ્રકારે કરી છે. જિનરાજની ભક્તિ પ્રાણીને જિનપણું પ્રાપ્ત કરાવે છે અને તિર્થંકરપદની પ્રાપ્તિ પણ કરી આપે છે. સિદ્ધપદની ભક્તિ સિદ્ધાવસ્થાને પમાડે છે. આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપદની ભક્તિ મુનિપણાની પ્રાપ્તિ કરી આપે છે. દર્શનપદની ભક્તિથી સમકિત નિર્મળ થાય છે. જ્ઞાનપદની ભક્તિથી અજ્ઞાન દૂર થઇ જ્ઞાન પ્રગટ થાય છે. ચારિત્રપદની ભકિત ચારિત્ર ધર્મમાં સ્થિર કરે છે, અને તપપદની ભકિતથી તપ સંબંધી અંતરાય દૂર થઇ તપ કરવાની શકિત પ્રાપ્ત થાય છે; જેથી સર્વ કર્મનો ક્ષય થઇ નિરાવરણ દશા પામી શકાય છે. દરેક પદની ભકિતના ફળનું વર્ણન શાસ્ત્રોમાં અનેક પ્રકારે બતાવ્યું છે, તે ધ્યાનમાં લઇ યથાશકિત દરેક પદની ભકિત કરવી; પરંતુ ભક્તિ કરતાં પોતાની શકિત કિંચિત્ પણ ગોપવવી નહીં, એટલું ખાસ ધ્યાનમાં રાખવું.

શ્રીપાળ રાજાએ પોતાની શકિત અનુસાર પ્રથમ નવે પદનું આરાધન કર્યું, અને પછી તેનું ઉજમણું કર્યું,તેમાં એકત્ર કરવાનાં ઉપગરણો સંબંધી તથા તેનું મંડળ પુરવા સંબંધી હકીકત ખાસ ધ્યાન આપવા લાયક છે.

ઉજમણાથી તપના ફળની વૃદ્ધિ થાય છે એ ચોક્કસ છે, પરંતુ તેમાં વીર્યોલ્લાસની ખાસ આવશ્યકતા છે; વીર્યોલ્લાસ વિનાની કરણી તથાવિધ ફળ આપનારી થતી નથી. આ જીવે પણ પૂર્વે તપ તો અનંતીવાર કર્યા હશે, પરંતુ વીર્યોલ્લાસ પ્રાપ્ત ન થવાથી તેનું ફળ જેવું જોઇએ તેવું બેઠું નથી,માટે ઉજમણાદિ કરણી અપૂર્વ વીર્યોલ્લાસ પૂર્વક કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી સર્વ ક્રિયાઓ હળુકર્મી જીવોનેજ સંપૂર્ણ ફળ આપે છે, ગુરૂમહારાજનો ઉપદેશ પણ તેવા જીવોના સંબંધમાંજ ફળદાયી થાય છે; કારણકે પાણીની સેર હોય ત્યાં કુવો ખોદવાથી પાણી નીકળે છે, તે શિવાય તો કરેલો પ્રયાસ નિષ્ફળ જાય છે.

શ્રીપાળ રાજાની સર્વ કરણી સંપૂર્ણ ફળદાતા થઇ, તેનું મૂળ કારણ તેમાં દ્રવ્ય ભાવ બંને પ્રકારની શુદ્ધતા હતી તે છે. માટે ભવ્ય પ્રાણીઓએ એક તરફ ઢળી ન જતાં બંને પ્રકારની શુદ્ધતા કરવા તત્પર થવું. કાચો મત અંગીકાર કરી રાચવું નહીં. કેમકે જ્યાં વ્યવહાર ને નિશ્ચય બંને નય શુદ્ધ છે ત્યાંજ ખરેખરૂં સત્ય છે, અને તેનીજ સર્વ કરણી પૂર્ણ ફળદાયી થાય છે.

શ્રીપાળ રાજાએ સિદ્ધચક્રની સ્તુતિ કરતાં તેને કલ્પવૃક્ષની ઉપમા આપી છે તે ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. ખરૂં કલ્પવૃક્ષ તેજ છે અને તેની નિરિચ્છક ભાવે કરેલી ભકિત સર્વ પ્રકારનાં વાંચ્છિત પુરવાને સમર્થ છે એ નિઃસંદેહ વાત છે.

પ્રાંતે શ્રીપાળ રાજાએ સંઘપૂજા સ્વામીવાત્સલ્યાદિ કર્યું છે તે પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. એ કરણી નિષેધવા યોગ્ય નથી પણ કરવા યોગ્ય છે. તે કાર્યમાં કરેલો દ્રવ્યનો વ્યય નિરર્થક નથી પણ સાર્થક છે. ફકત તેનો પ્રકાર સમયાનુકૂળ વિચારવા યોગ્ય છે. બાકી કોઇ પણ રીતે એ કરણી ત્યાજ્ય નથી.

શ્રીપાળ રાજાના ચરીત્રની ઘણે ભાગે અહીં સમાપ્તિ થાય છે, તેથી તેના પુત્રપરિવારની તેમજ તેને પ્રાપ્ત થયેલી સંપત્તિની હકીકત પણ છેવટે બતાવી દેવામાં આવી છે. તે સાથે રાજ્યધુરાને ધારણ કરવાને સમર્થ પુત્ર થયા પછી પોતે તે ભાર ન ઉપાડતાં પુત્રના ઉપર તેનું આરોપણ કરી પોતે આત્મસાધન કરવામાંજ એકાંત તત્પર થયા,એ હકીકત અન્ય ગૃહસ્થાદિકને પણ તે પ્રમાણેનું વર્તન કરવાનું સૂચવે છે. જીંદગી પર્યંત પોતેજ સંસારનો ભાર ઉપાડ્યા કરવો, સમર્થ પુત્ર થયા છતાં પણ છોડવો નહીં તે સુજ્ઞનું લક્ષણ નથી; કારણ કે તેમ કરનાર મનુષ્ય આત્મસાધન કરી શકતો નથી. માટે આ બાબત ઉપર વાચકવર્ગનું ખાસ લક્ષ ખેંચવામાં આવે છે.

હવે શ્રીપાળ રાજાએ કરેલું નવપદનું સ્મરણ—તેના ગુણગાન જે શ્રીપાળ રાજાના રાસના ચોથા ખંડની અગ્યારમી ઢાળમાં દરેક પદ માટે પાંચ પાંચ ગાથા વડે વર્ણવવામાં આવેલ છે તે અર્થથી દર્શાવવામાં આવશે; ભવ્ય તેમજ આત્માર્થી નીકટ ભવી જીવોને તે પરમ ઉપકારક થશે. એમ સૂચવી આ પ્રકરણ સમાપ્ત કરવામાં આવે છે, અને સર્વ ઉત્તમ સાધનોમાં મુખ્ય એવા સિદ્ધચક્રના આરાધનમાં દ્રવ્યભાવથી તત્પર થવા સુજ્ઞ જૈનબંધુઓને પ્રાર્થના કરવામાં આવે છે. કારણ કે તેમાંજ સ્વપરનું કલ્યાણ સમાયેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શાહ આણંદજી પુરૂષોત્તમનું પંચત્વ અને તેમની પાછળ થયેલ શુભ વ્યય.

ભાવનગરનિવાસી ઉપર જણાવેલા નામવાળા ગૃહસ્થ પોતાની ૭૮ વર્ષની વયે માત્ર બે દિવસના વ્યાધિથી પોષ વદિ ૯ ની રાત્રિએ પંચત્વપણાને પામ્યાછે. એમનું ચરિત્ર આધુનિક નવી રોશનીવાળા બંધુઓને ખાસ ધડો લેવા લાયક છે. એમણે બાલ્યાવસ્થા બહુ મંદ સ્થિતિમાં વ્યતીત કરી હતી. મધ્યમાવસ્થામાં દ્રવ્યોપાર્જન સારી રીતે કરી તેનો વ્યય પણ શુભ નિમિત્તમાં સારો કર્યો હતો,અને વૃદ્ધાવસ્થામાં વ્યવહારિક કાર્યથી બહોળે ભાગે વિમુક્ત થઇ શારીરિક અનુકૂળતાનુસાર ધર્મકાર્ય, દેવપૂજા, વ્યાખ્યાનશ્રવણ, પ્રતિક્રમણાદિ કરતા હતા. સુલેહશાંતિના તો તેઓ ખરે ખરા ચહાનારા હતા. ભાવનગરના શ્રી સંઘમાં એકસંપ રખાવવાને તેઓ અહર્નિશ ઉદ્યક્ત હતા.પોતાની ગ્રહણ કરેલી તમામ વાતો છોડી દેવી પડે તો છોડી દઇને પણ તેઓ સંઘની ઐકયતા જાળવી રાખનારા હતા. સંવચ્છરીનું પારણું એકસંપથી અવશ્ય જમે તેને માટે તેમને અતિ તીવ્ર લાગણી હતી. તેમનું ચરિત્ર તેમના પુત્રો તરફથી પ્રગટ થવા સંભવ છે, તે વાંચવા ઉપરથી તેમના અનુકરણીય ગુણો ઉપર વધારે પ્રકાશ પડવાનો સંભવ હોવાથી તેનો વિસ્તાર અહીં કરવામાં આવતો નથી. તેમણે પોતાની જીંદગીમાં સ્વોપાર્જિત દ્રવ્યમાંથી સદ્વ્યય પણ બહુ સારી રકમનો કરેલો છે તેનું લીસ્ટ તેમના ચરિત્રમાં આવનારૂં હોવાથી તે સંબંધી અત્રે વિસ્તૃત લખવામાં આવતું નથી, તોપણ ટુંકામાં તેમણે શ્રી સિદ્ધાચળજીના છરી પાળતા સંઘ, જીર્ણોદ્ધાર, બિંબપ્રતિષ્ઠા, ઉદ્યાપન મહોત્સવ, જૈનશાળાઓને સહાય, પુસ્તકોનું લેખન પ્રકટન, સ્વામીવાત્સલ્ય અને અનેક શુભ પ્રસંગોના ખરડાઓમાં આપેલી સારી રકમો તેમજ પ્રાંતે શ્રાવિકાશાળા માટે કાઢેલી વીશ હજારની રકમ–ઇત્યાદિ તેમનાં સુકૃત્યોમાં મુખ્ય છે.

અંત સમયે તેમની પ્રથમની ધારણા અનુસાર તેમણે કહેલી રકમની તેમના સુપુત્રોએ જે શુભ નિમિત્તમાં વ્યવસ્થા કરી છે તેનું લીસ્ટ આ નીચે આપવામાં આવ્યું છે.

૩૦૦૦) તેમની મૃત્યુતિથિ પોષ વદ ૯ એ દર વર્ષે શ્રી સિદ્ધાચળજીની તળાટીમાં વ્યાજમાંથી ભાતુ આપવામાં

ટ્રસ્ટી શેઠ રતનજી વીરજી. ગાંધી મોતીલાલ ગગલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦૦) મરણતિથિએ દર વર્ષે ભાવનગરમાં ચતુર્થવ્રતધારીને જમાડવામાં.
ટ્રસ્ટી શા. ઝવેરભાઇ ભાયચંદ. સલોત જગજીવન પુલચંદ.
૫૦૦) કાઠીયાવાડના ગરીબ શ્રાવકોને ઉદ્યોગે ચડાવવામાં.
ટ્રસ્ટી સંઘવી દામોદરદાસ નેમચંદ. વોરા ગીરધર ગોરધન.
૧૦૦) જીવદયામાં જાળ છોડાવવી તથા વાડા તોડાવવા.
૫૦) શ્રી વૃદ્ધિચંદજી જૈન વિદ્યાશાળામાં સંગીતના ઉત્તેજનાર્થે.
૨૫) શ્રી જૈન કન્યાશાળામાં ઈનામ વહેંચવા.
૧૦૦) શ્રી સિદ્ધક્ષેત્ર બાળાશ્રમના છોકરાઓ પૈકી શેઠ અમરચંદ તલકચંદની ધાર્મિક પરીક્ષામાં પહેલે તથા બીજે નંબરે આવનારને ચાર વર્ષ સુધી સ્કોલરશીપ આપવામાં.
૫૦) શ્રાવક ભાઈઓને દેવકા દોષમાંથી મુક્ત કરવામાં
૧૦૦) સાધુસાધ્વીની વૈયાવચ્ચાદિક કરવામાં. ટ્રસ્ટી વોરા ગોરધન હરખચંદ.
૨૫) પુજની તિથિએ આંગી કરવામાં.
૧૨૫) દર વર્ષે મૃત્યુ તિથિએ વ્યાજમાં આંગી કરવામાં.
૨૫) સાત ક્ષેત્રમાં.
૨૫) ભાવનગર દેરાસરના ભંડારમાં.
૨૫) સાધારણ ખાતામાં.
૫૦) જૈન બોર્ડીંગમાં બુકો લેવા માટે.
૫૦) શામળા શેઠના ખાતામાં પારેવા માટે જુવાર વિગેરેમાં.
૨૫) ગોઠીજીને દેરે ઉના પાણીની બાબતમાં.
૨૫) દેરાસરજીના ગોઠી વિગેરેને.
૩૦૦) તેમની મૃત્યુતિથિએ પાંજરાપોળમાં કપાસીઆ,ખડ,ખોળ,પારેવાની જુવાર, ગરીબને અનાજ વિગેરેમાં.
૨૦૦) પુજમાં મુકેલ સામાનના ખર્ચના.
૭૫) મુંબઈમાં મુકેલ પુજના ખર્ચના.
૧૨૫) અત્રેના કાપડ મહાજન મારફત ગરીબને દેવામાં.

૬૦૦૦)

## તેમની પત્ની બાઈ માણેક તરફથી.

૫૦૦) એક ઉત્તમ ગ્રંથનું ભાષાંતર કરાવી તેમની સાથે તેમનું નામ જોડવામાં.
૫૦૦) જ્ઞાન અને કેળવણીની બાબતમાં વાપરવામાં.

૧૦૦૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર પ્રમાણે રૂપીઆ સાત હજાર તેજ વખતે રોકડા આપી દેવામાં આવ્યાછે.

ઉપર જણાવ્યા ઉપરાંત પણ કેટલોક શુભ નિમિત્તમાં વ્યય કરવામાં આવ્યો છે અને હવે પછી પણ કેટલોક શુભ કાર્યાર્થે વ્યય થવા સંભવ છે તે સંબંધી હકીકત હવે પછી પ્રસંગોપાત પ્રગટ કરશું.

તેઓ પોતાની પાછળ ૪ પુત્ર (ગીરધરભાઇ, કુંવરજી, ગુલાબચંદ ને ચુનીલાલ), ૩ પુત્રી, ૬ પૌત્રો (મોતીચંદ વિગેરે), ત્રણ પૌત્રી ને ચાર પ્રપૌત્રો મુકી ગયેલા હોવાથી તેમજ તેમની એક ૧પુત્રીએ ચારિત્ર ગ્રહણ કરેલું હોવાથી તેઓ વ્યવહારિક રીતે ભાગ્યશાળીની પંક્તિમાં મુકાયા છે, પરંતુ ભાવનગરના શ્રી સંઘને તેમની ન પુરાય તેવી ખામી પડીછે. આશા છે કે તે ખામી ન દેખાય તેવો શુભ પ્રયત્ન તેમની પાછળ જેમની ફરજ છે તેઓ કરશે કે જેથી શ્રી સંઘની ઉન્નત દશા વૃદ્ધિ પામે.

એ ગૃહસ્થના પુત્ર પૌત્રો તો આ સભાના અંગીભૂત હોવાથી સભા તરફ પ્રેમ ભરેલી લાગણી ધરાવે તેમાં આશ્ચર્ય જેવું નથી; પરંતુ તેઓ પોતે પણ સભા તરફ સારો પ્રેમ ધરાવતા હતા અને સભાને દરેક પ્રકારની સહાય આપવાને ઉત્સુક હતા, જેથી એમનો અભાવ સભાને પણ ખેદ ઉત્પન્ન કરે છે. વળી એમના પુત્રાદિની દિલગીરીમાં ભાગ લેવો યા યોગ્ય દિલાસો આપવો એ પણ સભાની ફરજ છે. માતાપિતા અમૃતના વૃક્ષ તુલ્ય કહેવાય છે એ હકીકત અનુભવથી સત્ય જણાય તેવી છે, જેથી એમના વિરહે એમની સંતતિને થતા ખેદમાં અમે ભાગ લઇએ છીએ, અને જેમ બને તેમ ધર્મકાર્યની પ્રવૃત્તિમાં વિશેષ પ્રયત્ન કરી તેમની ઉજ્વળ કીર્તિમાં વધારો કરવાનું સૂચવીએ છીએ. મંત્રી.

# ટુંકાં ટુંકાં વાક્યો.

(લેખક—પં. આણંદસાગરજી.)

(અનુસંધાન પૃષ્ટ ૨૨૪ થી.

કોઇ પણ વસ્તુમાં અત્યંત રાગ કરવો નહીં.
બાળકનું પણ હિતકારી વચન ગ્રહણ કરવું.
દરિદ્રતા છતાં પણ લિખવાદ કરવો નહીં.
ચાકરના ગુણ પરોક્ષ ન કહેવા.
સ્ત્રીના પાછળ તથા પ્રત્યક્ષ પણ ગુણો ન કહેવા.
અપ્રીતિવાળા ઉપર પણ રોષ કરવો નહીં.
કલેશનો જેમ બને તેમ નાશ કરવો.
અનીતિથી જલદી પાછા હઠવું.
પૈસા છતાં પણ મદ કરવો નહીં.
સમભાવ રાખીને હિતમાંજ પ્રવર્તવું.
પુત્રના ગુણ પ્રત્યક્ષ ન કહેવા.
પ્રિય વચન બોલવું.
મોટાનો વિનય કરવો.

૧ તેમનું નામ હાલ સાધ્વી કંચનશ્રી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાન દેવામાં કંજુસતા કરવી નહીં.
વખત દેખીને પ્રસ્તાવિકજ બોલવું.
પોતા અને પરના ભેદને બરોબર જાણવો.
એકલા બીજાને ઘરે જવું નહીં.
પ્રીતિવાળાની સાથે ખાવા ખવરાવવા, પુછવા કહેવા, દેવા લેવાને ઉચિત ઇચ્છાથી પ્રીતિ બની રહે છે.
પછીથી મોટું બને એવું પહેલું નાનું કામ આરંભવું.
બીજાને પોતાની સરખો ગણવો.
તીવ્ર રાગદ્વેષના પરિણામ થાય તેવું કામ કરવું નહીં.
વિવાહ સરખા કુળશીળવાળા સાથે કરવા.
કોઈની નિંદા કરવી નહીં.
સદાચારવાળાનોજ સંગ કરવો.
ઉપદ્રવવાળા સ્થાનમાં રહેવું નહીં.
આવક પ્રમાણે ખરચ કરવો.
બુદ્ધિના આઠ ગુણો હમેશાં ધારણ કરવા.
અજીર્ણ હોય તો ભોજન કરવું નહીં.
ધર્મ અર્થ અને કામ એ ત્રણને અવિરોધપણે સાધવાં.
કોઇ દિન કદાગ્રહ કરવો નહીં.
દેશ અને કાળને વિરૂદ્ધ આચરણ કરવું નહીં.
સેવકવર્ગને ખાનપાનથી સંતોષવો.
દીર્ઘ દૃષ્ટિથી કામ કરવાં.
બીજાએ કરેલો ગુણ ભુલવો નહીં.
લજ્જાનું બરોબર રક્ષણ કરવું.
સમતાવાળી પ્રકૃતિ અત્યંત હિત કરનાર છે.
કામ, ક્રોધ, લોભ, મદ, હર્ષ અને મત્સર એ ખરા શત્રુઓ છે.
પરના ગુણગ્રહણમાં તીવ્ર ઉદ્યમ કરવો.
ઘણાં માણસોમાં બાળનો પણ સત્કાર કરવો.
ગુપ્ત વાત કરનાર પાસે જવું નહીં.
અંગીકાર કરેલું બરોબર પાળવું.
કોઈનું અપમાન કરવું નહીં.
પોતાના ગુણોથી અહંકારવાળા થવું નહીં.
હીનપણાનું કામ કરવું નહીં.
અહંકાર કરવો નહીં.
પરમાત્માનું દરરોજ સેવન,પૂજન અને ધ્યાન કરવું.
નીતિથી આવેલો પૈસો સુખ દેછે.
સારા પુરૂષોની પ્રશંસાથી ગુણો આવેછે.
પાપથી ડરતા રહેવું.
દેશાચારને પણ માન આપવું.
સારા પાડોશમાં રહેવું.
માતપિતાને રોજ નમસ્કાર કરવો.
પ્રાણાંતે પણ નિંદ્ય કાર્ય કરવું નહીં.
પુંજી પ્રમાણેજ વેષ રાખવો.
ધર્મનાં વ્યાખ્યાનો હમેશાં સાંભળવાં.
પ્રકૃતિ પ્રમાણે વખતસરજ ખાવું.
અતિથિ, સાધુ અને ગરીબની દરરોજ ભક્તિ કરવી.
ગુણનો પક્ષ ગ્રહણ કરવો.
બળ અબળની પરીક્ષા કરવી.
વ્રતવાળા, વૃદ્ધો અને જ્ઞાનીની પૂજા કરવી.
દરેક કાર્યનો તફાવત વિચારવો.
લોકને અળખામણા થવું નહીં.
દયા એ ધર્મનું મૂળ અને સુખનું નિદાન છે.
પરોપકારમાં નિપુણતા એજ સજ્જનતા.
ઇંદ્રિયોને વશ રાખનાર ધર્મને લાયક બને છે.

For Private And Personal Use Only